અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ ઓક્ટોબર ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો વદ ૨ | અંક : ૯૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886








### આ મોંઘવારી ભથ્થાની 3 માસની એટલે કે ૧ જુલાઈ ૨૦૨૫ થી 30 સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીની તફાવતની રકમ એક હપ્તામાં ચૂકવવામાં આવશે

# રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 3% નો વધારો કરાયો



। (એજન્સી) ગાંધીનગર, તા.૭ । રાજ્ય સરકારે ગઈ કાલે વિવિધ વિભાગોમાં વર્ગ-૪ના કર્મચારીઓને ૭ હજારની મર્યાદામાં એડહોક બોનસ ચૂકવવાનો નિર્ણય કર્યો હતો. ત્યારે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓના વ્યાપક હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય કરીને છઠ્ઠા તેમજ સાતમા પગાર પંચનો લાભ મેળવતા રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં વધારાનો લાભ તા.૧ જુલાઈ ૨૦૨૫થી આપવાનો નિર્ણય કર્યો છે.મુખ્યમંત્રીના આ કર્મયોગી હિતકારી નિર્ણય અંતર્ગત સાતમા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના જે કર્મયોગીઓ છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૫ ટકાનો વધારો કરવામાં આવેલ છે. આ મોંઘવારી ભથ્થાની ૩ માસની એટલે કે ૧ જુલાઈ ૨૦૨૫ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીની તફાવતની રકમ એક હપ્તામાં ચૂકવવામાં આવશે. આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ ૪.૬૯ લાખ કર્મયોગીઓ અને અંદાજે ૪.૮૨ લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે પેન્શનર્સને મળવાપાત્ર થશે. રાજ્ય સરકાર આ એરિયર્સ પેટે કુલ મળીને રૂ.૪૮૩.૨૪ કરોડ રૂપિયાની કર્મચારીઓને ચુકવણી કરશે તથા વધારાના વાર્ષિક રૂ.૧૯૩૨.૯૨ કરોડની ચુકવણી પગારભથ્થા-પેન્શન પેટે કરાશે. મુખ્યમંત્રીએ કરેલા આ કર્મચારી હિતકારી નિર્ણયના અમલ માટે નાણાં વિભાગ દ્વારા જરૂરી આદેશો કરવા અંગેની સૂચનાઓ પણ આપી છે. મુખ્યમંત્રીએ કરેલા આ કર્મચારી હિતકારી નિર્ણયના અમલ માટે નાણાં વિભાગ દ્વારા જરૂરી આદેશો કરવા અંગેની સૂચનાઓ પણ આપી છે.

### ટ્રમ્પે કર્યો ફરી પોકળ દાવો

## ટેરિફ નીતિના કારણે રોકાયું ભારત પાકિસ્તાનનું યુદ્ધ : ટ્રમ્પ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ । રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જ્યારથી સત્તા સંભાળી છે, ત્યારથી વિવાદોનું કેન્દ્ર બન્યા છે. જેમાં સૌથી વધુ વિવાદીત તેમના નિવેદનો રહ્યા છે. ટ્રમ્પના પ્રમાણે તેની ટેરિફ નીતિને કારણે વિશ્વમાં ઘણા યુદ્ધ રોકાય છે. તેના મતે ટ્રમ્પે વૈશ્વિક શાંતિ સ્થાપવામાં મુખ્ય ભુમિકા ભજવી છે. આ દાવો એક સામાન્ય વેપારી નિર્ણયને વૈશ્વિક શાંતિનું હથિયાર બનાવીને રજૂ કરે છે.ટ્રમ્પે તાજેતરમાં પોતાની ટેરિફ નીતિ પર પ્રશ્નોના જવાબમાં કહ્યું કે, જો આ અધિકાર ન હોત તો સાતમાંથી ઓછામાં ઓછા ચાર યુદ્ધો ભડકાઈ જ ગયા હોત. ખાસ કરીને ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવને લઈને તેઓએ કહ્યું કે બંને દેશો યુદ્ધ માટે તૈયાર થઈ ગયા હતા. તેઓએ વધુ કહ્યું કે, તેમની કડક ટેરિફ નીતિની વાતચીતએ આ યુદ્ધ ટાળવામાં મદદ મળી હતી. આ દાવો તેમની વેપારી રીતને યુદ્ધ વિરોધી શસ્ત્ર તરીકે રજૂ કરે છે.ટ્રમ્પે આ વાતને યુનાઈટેડ નેશન્સની મહાસભામાં પણ પુનરાવર્તિત કરી, જ્યાં તેઓએ તેમના બીજા કાર્યકાળના પ્રથમ સાત મહિનામાં સાત યુદ્ધોને અટકાવ્યાનો દાવો કર્યો હતો. સપ્ટેમ્બરમાં આપેલા ભાષણમાં તેઓએ કહ્યું કે, આ દાયકાઓથી ચાલતા વિવાદો હવે શાંતિ તરફ વળ્યા છે. વધુમાં, તેઓએ પોતાને નોબેલ શાંતિ પુરસ્કારના દાવેદાર તરીકે પણ રજૂ કર્યા હતા.ટ્રમ્પ વહીવટે જુલાઈમાં એક પ્રેસ બ્રીફિંગમાં આ યુદ્ધો અટકાવનારા દેશોની વિગતવાર યાદી જાહેર કરી હતી. આ યાદીમાં ફોન કોલ્સ, વેપારી કરારો, ટેરિફ અને મધ્યસ્થી જેવા હથિયારોનો ઉલ્લેખ કરીને કહેવામાં આવ્યું કે, આ બધા દ્વારા વિવાદોનું સમાધાન થયું. યાદીમાં ભારત-પાકિસ્તાન, ઈઝરાયલ-ઈરાન, થાઈલેન્ડ-કંબોડિયા, રવાંડા-ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, સર્બિયા-કોસોવો, આર્મેનિયા-અઝરબૈજાન અને મિસર-ઈથિયોપિયા જેવા વિસંગતોનો સમાવેશ થાય છે.

### સરકાર ટેન્ડરમાં બંધારણીય ગેરંટીનો ભંગ કરતી શરતો ના રાખી શકેઃ સુપ્રીમ

। નવી દિલ્હી, તા.૭ । ટેન્ડર પ્રક્રિયામાં શરતો નક્કી કરતી વખતે બંધારણીય ગેરંટીનો ભંગ કરતી હોય તેવી જોગવાઈ રાખવાની સરકારને સત્તા ન હોવાનો ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો છે. ટેન્ડર પ્રક્રિયામાં આઉટસાઈડર માટે કોઈ કારણ વગર દરવાજા બંધ રાખવાના છત્તીસગઢ સરકારના નિર્ણયને પણ કોર્ટે આ સાથે અયોગ્ય ઠેરવ્યો હતો. જસ્ટિસ સંજય કુમાર અને આલોક અરાદેની બેન્ચે છત્તીસગઢ સરકારે ઈશ્યૂ કરેલા ટેન્ડરને રદ ઠેરવ્યું હતું. જેમાં સરકારી પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં સ્પોર્ટ્સ કિટ્સ સપ્લાય કરવા માટે પ્રક્રિયા હાથ ધરાઈ હતી. બેન્ચે નોંધ્યુ હતું કે, ટેન્ડરની શરતો નક્કી કરવાની સ્વતંત્રતા રાજ્ય સરકાર પાસે છે.

### રોહિત બાદ હવે સૂર્યકુમાર યાદવને કેપ્ટન પદેથી હટાવાશે!

। નવી દિલ્હી, તા.૭ । ઈંગ્લેન્ડના પૂર્વ સ્પિનર મોન્ટી પાનેસરે શુભમન ગિલને ટીમ ઈન્ડિયાની ODI ટીમના કેપ્ટન તરીકે નિયુક્ત કરવાના નિર્ણયને માસ્ટરસ્ટ્રોક ગણાવ્યો છે. પાનેસરે ૨૬ વર્ષીય ગિલને એક સારો લીડર ગણાવ્યો, જે જવાબદારી મળ્યા બાદ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરે છે. ઉલ્લેખનીય છે કે, રોહિત શર્મા પાસેથી કેપ્ટનશીપ છીનવીને ગિલને ODI કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. BCCIના મુખ્ય પસંદગીકાર અજિત અગરકરે ખુલાસો કર્યો કે, તેમણે રોહિત શર્માને એ સુચના આપી હતી. કે, બોર્ડે તેમને ODI કેપ્ટનશીપથી મુક્ત કરવાનો નિર્ણય લીધો છે. ગિલને તેમના અનુગામી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, અને તેનો પહેલો કાર્યભાર ૧૯ ઓક્ટોબરથી ઓસ્ટ્રેલિયા સામે શરૂ થનારી ત્રણ મેચની ODI શ્રેણી હશે.

### સોશિયલ મીડિયામાં ટ્રોલિંગ

## કોલકાતાના દુર્ગા પૂજા પંડાલમાં અમદાવાદ પ્લેન ક્રેશની થીમથી વિવાદ થયો

। (એજન્સી) કોલકાતા, તા.૭ । પશ્ચિમ બંગાળમાં જુદી જુદી થીમના દુર્ગા પૂજા પંડાલ લોકોનું ધ્યાન ખેંચી રહ્યા છે. જેમાંથી એક પંડાલની થીમના કારણે વિવાદ થયો છે. સોશિયલ મીડિયામાં પણ આ થીમની ભારે ટીકા થઈ છે. કોલકાતામાં એક દુર્ગા પૂજા પંડાલમાં અમદાવાદની વિમાન દુર્ઘટનાની થીમ રાખવામાં આવી છે. સોશિયલ મીડિયા યુઝર્સે આ થીમ સામે વિરોધ ઉઠાવ્યો હતો અને તેને પીડિત પરિવારોનું અપમાન ગણાવ્યું હતું.આ પંડાલના સોશિયલ મીડિયામાં મૂકાયેલા વીડિયો અને ફોટો બાદ વિવાદ થયો હતો. દુર્ગા પૂજા પંડાલના વીડિયો પરથી જણાય છે કે થીમ અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાનની દુર્ઘટના પર છે. વિમાનનો કાટમાળ બિલ્ડિંગમાં તૂટી પડ્યો એ ઘટનાને પંડાલની થીમમાં બતાવવામાં આવ્યું છે. લોકોએ આ વીડિયો જોઈને લખ્યું કે કળાની અભિવ્યક્તિ અને સંવેદનશીલ બાબતોનો ભેદ સમજવો જરૂરી છે.તેનાથી પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવાને બદલે અપમાન થયું છે. વિમાન દુર્ઘટનાએ અનેક પરિવારોને ક્યારેય ન ભરાય એવો ઘાવ આપ્યો છે. એની થીમ બનાવવી તેમાં કળાની અભિવ્યક્તિ નથી. આમાં તો અસંવેદનશીલતા દેખાય છે.વિવાદ વધતા આયોજકોએ સ્પષ્ટતા કરી હતી કે તૂટેલું એરક્રાફ્ટ અને કાટમાળની થીમ મૃતકોને અંજલિ આપવા માટે બનાવવામાં આવી છે. વળી, જેમણે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યુ હતું એ જવાનોને પણ આમાં ટ્રિબ્યૂટ આપવાનો પ્રયાસ છે. જોકે, લોકોએ આ દલીલને માન્ય રાખી ન હતી અને આવી હરકતને શરમજનક ગણાવી હતી. એની થીમ બનાવવી તેમાં કળાની અભિવ્યક્તિ નથી. આમાં તો અસંવેદનશીલતા દેખાય છે.વિવાદ વધતા આયોજકોએ સ્પષ્ટતા કરી હતી કે તૂટેલું એરક્રાફ્ટ અને કાટમાળની થીમ મૃતકોને અંજલિ આપવા માટે બનાવવામાં આવી છે. વળી, જેમણે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યુ હતું એ જવાનોને પણ આમાં ટ્રિબ્યૂટ આપવાનો પ્રયાસ છે. જોકે, લોકોએ આ દલીલને માન્ય રાખી ન હતી અને આવી હરકતને શરમજનક ગણાવી હતી.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત ઑક્ટોબર – ૨૦૨૫ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

| કોષ્ટક | ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|---|
| કોષ્ટક-૧ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ-૨૪ જિલ્લાઓ (આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ગાંધીનગર, ખેડા, કચ્છ, મહીસાગર, પંચમહાલ, અને સાબરકાંઠા સિવાય તમામ) |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| | 3 | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ 3 કિ.ગ્રા. | |
| કોષ્ટક-૨ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૯ જિલ્લાઓ આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ગાંધીનગર, ખેડા, કચ્છ, મહીસાગર, પંચમહાલ, અને સાબરકાંઠા માટેનું વિતરણ પ્રમાણ નોંધ - અંત્યોદય કુટુંબો તથા અગ્રતા ધરાવતા કુટુંબો માટે ઘઉં, ચોખા તથા બાજરીનું વિતરણ અને જ્યાં બાજરીનો ઉપલબ્ધ જથ્થો પૂર્ણ થાય ત્યાં બાજરીની અવેજમાં ચોખાનું વિતરણ કરવામાં આવશે. |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | 3 | | બાજરી | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| કોષ્ટક-3 | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | વડોદરા જિલ્લા માટેનું વિતરણ પ્રમાણ નોંધ - અંત્યોદય કુટુંબો તથા અગ્રતા ધરાવતા કુટુંબો માટે ઘઉં, ચોખા તથા જુવારનું વિતરણ અને જ્યાં જુવારનો ઉપલબ્ધ જથ્થો પૂર્ણ થાય ત્યાં જુવારની અવેજમાં બાજરીનું વિતરણ કરવામાં આવશે. |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | 3 | | જુવાર/બાજરી | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | જુવાર/બાજરી | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |

ઑક્ટોબર –૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની સીંગતેલ, તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | સીંગતેલ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ લિટર | ૧૦૦ |
| ૨ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| 3 | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | 30 |
| ૪ | ખાંડ | અંત્યોદય કુટુંબો | 3 વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | 3 થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૫ | ખાંડ (તહેવાર નિમિત્તે વધારાની) | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | બીપીએલ કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૨૨ |
| ૬ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકો પૈકી "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ પાત્રતા ધરાવતા શ્રમિકો નજીકની ઝોનલ / મામલતદાર કચેરીનો સંપર્ક કરી, આ યોજનાનો લાભ મેળવી શકે છે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે

# NSUIએ સ્મશાન યાત્રા કરી નોંધાવ્યો અનોખો વિરોધ

## GCAS પોર્ટલની ટેક્નિકલ ખામીઓથી ૭ હજારથી વધુ વિદ્યાર્થીઓ એડમિશનથી વંચિત : ૩૦ રાઉન્ડ પછી પણ સમસ્યા યથાવત

। અમદાવાદ, તા.૭ ।

રાજ્યમાં સરકારી યુનિવર્સિટીઓમાં અને તેની સંલગ્ન કોલેજોમાં એડમિશન માટે સરકારી GCAS પોર્ટલ બીજા વર્ષે પણ વિવાદમાં રહ્યું. આ વખતે પણ GCAS પોર્ટલની ટેક્નિકલ ખામીઓને કારણે ઘણા વિદ્યાર્થીઓનો પ્રવેશ સમયસર થઈ શક્યો નહીં અને આ વખતે પણ ઘણા વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી ગયા છે. જે મામલે અનેકવાર રજૂઆત છતાં કોઈ પરિણામ નહીં આવતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થી સંગઠન NSUI એ GCAS ની સ્મશાન યાત્રા કાઢી અનોખો વિરોધ નોંધાવ્યો અને ઝડપથી આ ખામીઓ દૂર કરવા અને એડમિશન પ્રોસેસ પતાવવા રજૂઆત કરી છે.

આ વખતે પણ કોલેજોમાં એડમિશન માટે સરકારે GCAS પોર્ટલ દ્વારા જ સેન્ટ્રલાઈઝ્ડ એડમિશન પ્રોસેસ હાથ ધરી હતી. જો કે પહેલા દિવસથી જ GCAS નાં નામનો કંકાસ શરૂ થઈ ગયો હતો. કોલેજોમાં એડમિશન માટે વિદ્યાર્થીઓને પ્રવેશ માટે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ મામલે યુનિવર્સિટીમાં અનેકવાર રજૂઆતો કરવામાં આવી પણ કોઈ પરિણામ ન આવ્યું. જેના કારણે વિદ્યાર્થીઓને પ્રવેશ મળી શક્યો નહિ.

એક સમયે GCAS ના કારણે રોજે રોજ એડમિશન માટે રાઉન્ડ બહાર પડાવવાની ફરજ પડી. પ્રવેશ પ્રક્રિયા માટે ૩૦થી વધુ રાઉન્ડ બહાર પાડવા છતાં વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી ગયાનો આરોપ NSUI એ લગાવ્યો છે.

એટલું જ નહીં સરકારી કોલેજોમાં એડમિશન ન થાય અને વિદ્યાર્થીઓ કંટાળીને પ્રાઈવેટ યુનિવર્સિટીમાં એડમિશન લઈ લે તેવો કાવતરો રચવામાં આવ્યો હોવાનો આરોપ પણ લગાવવામાં આવ્યો. એડમિશન પ્રક્રિયા માટે GCASની કંકાસ સામે NSUI નો અનોખો વિરોધ નોંધાવ્યો છે. એટલું જ નહીં જાણે GCAS ની ખામીઓથી સત્તા તંત્રનો આત્મા જ મરી ગયો હોય તેમ NSUI એ સ્મશાન યાત્રા યોજી ઠાઠડી બાળી. NSUI અને વિદ્યાર્થીઓએ GCAS ની સ્મશાન યાત્રા યોજી વિરોધ કર્યો. NSUI નો આરોપ છે કે ૭ હજાર જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો નથી. ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમવાર ૩૦ રાઉન્ડ સુધી પ્રવેશ પ્રક્રિયા ચાલી છે.

લાંબી પ્રવેશ પ્રક્રિયા બાદ પણ એડમિશનની પળોજણ યથાવત રહી. મહત્વનું ગત વર્ષે પણ GCAS પોર્ટલમાં ખામીના કારણે ગર્લ્સ કોલેજોમાં બોયસને એડમિશન ફાળવતા વિવાદ થયો હતો. તો આ વખતે GCAS નો કંકાસ યથાવત જોવા મળ્યો.

## હિંમતનગરમાં HUDAની યોજના સામે ૧૧ ગામના ખેડૂતોનો ઉગ્ર વિરોધ

। (એજન્સી) હિંમતનગર, તા.૭ ।

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના ૧૧ ગામડાંના ખેડૂતો-ગ્રામજનો છેલ્લા એક મહિનાથી હિંમતનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (HUDA)ની વિકાસ યોજનાને લઈને વિરોધ નોંધાવી રહ્યા છે. ઉગ્ર આંદોલન પર ઉતરેલા ખેડૂતોના આક્ષેપ છે કે, HUDAની કામગીરીથી ખેડૂતોની જમીન કપાતમાં જશે. સમગ્ર મામલે હિંમતનગરના બેરણા ગામમાં રવિવારે (૫ ઓક્ટોબર) HUDAની વિકાસ યોજનાના વિરોધમાં ખેડૂતો-ગ્રામજનોએ બેસણું યોજ્યું હતું. મળતી માહિતી મુજબ, હિંમતનગરમાં છેલ્લા ઘણાં દિવસોથી HUDAને લઈને ગ્રામજકો અને ખેડૂતો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. જેમાં ૧૧ ગામના લોકો એકઠા થઈને HUDAની વિકાસ યોજનાનું બેસણું કર્યું, આ દરમિયાન મોટી સંખ્યામાં હાજર બહેનોએ HUDAના નામના છાજિયાં લીધા હતા. તમને જણાવી દઈએ કે, અગાઉ દશેરાના દિવસે HUDAનું દહન કર્યું હતું.

## વેરાવળમાં 3 માળનું મકાન ધરાશાયી થતાં માતા-પુત્રી સહિત 3 લોકોના મોત

। (એજન્સી) વેરાવળ, તા.૭ ।

ગીર સોમનાથના વેરાવળ શહેરના ખારવાવાડ વિસ્તારમાં ગત મોડી રાતે મોટી દુર્ઘટના સર્જાી છે. જ્યાં અંદાજે ૮૦ વર્ષ જૂનું અને જર્જરિત ત્રણ માળનું રહેણાંક મકાન અચાનક ધરાશાયી થતાં ત્રણ લોકોનાં મોત નિપજ્યાં હતા, જ્યારે બે વ્યક્તિઓને કાટમાળમાંથી જીવતા બચાવી લેવાયા છે.મળતી માહિતી અનુસાર, અચાનક મકાન ધરાશાયી થતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં દેવકીબેન સૂયાની અને જશોદાબેન સૂયાની સહિતી મકાન નીચે ઉભેલા એક બાઈકસવાર ૩૪ વર્ષીય દિનેશ જુંગીનું પણ કાટમાળ હેઠળ દબાઈ જવાથી ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.ઘટના બાદ તરત જ ફાયર ફાઈટર, પોલીસ, નગરપાલિકાની ટીમ, તેમજ ખારવા સમાજના આગેવાનો અને યુવાનોએ યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી હતી.

# મહેસાણામાં ડિજિટલ એરેસ્ટના નામે ઠગાઈ કરનાર બે પકડાયા

। મહેસાણા, તા.૭ ।




ઓનલાઈન ડીઝિટલ એરેસ્ટના નામે છેતરપિંડી કરી બેન્ક એકાઉન્ટમાં નાણાં મેળવતી ગેંગના સભ્યોને મહેસાણા સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા બંનેને મહારાષ્ટ્રની નાસિક સાયબર ક્રાઈમ પોલીસને સોંપાયા હતા. મહેસાણા જિલ્લામાં સાયબર ક્રાઈમના બનાવોમાં ફ્રોડની રકમ મેળવવા માટે વપરાતા શંકાસ્પદ બેન્ક એકાઉન્ટની ઊંડાણપૂર્વક તપાસ કરી શંકાસ્પદ જણાઈ આવે તો કાયદાકિય કાર્યવાહી કરવા જિલ્લા પોલીસવડા હિમાંશું સોલંકીએ સૂચના આપી હતી. આથી મહેસાણા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ જે.જી વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એન. આઈ ચાવડા તથા ટીમ દ્વારા જિલ્લાના સાઈબર ક્રાઈમના ગુનાઓમાં સંડોવાયેલા શંકાસ્પદ બેન્ક એકાઉન્ટની વિગત દ્રઝ્ઝઈ પરથી મેળવી તપાસ કરતા હતા. આ દરમિયાન મહેસાણા અર્બન કો. ઓપરેટિવ બેન્કના એક ખાતામાં સાયબર ળોડના રૂ. ૧૦.૪૦ લાખ આવ્યા હતા, જે શંકાસ્પદ હોઈ આ બાબતે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ટેકનિકલ એનાલિસિસ કરાયું હતું. જેમાં તપાસ કરતાં બેન્ક ખાતું ફ્રીજ હોવાનું તેમજ આ મામલે મહારાષ્ટ્રના નાસિક સાયબર પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાયેલો હોવાનું જાણવા મળ્યું હતું.આથી મહેસાણા સાયબર ક્રાઈમ પોલીસે બેન્ક એકાઉન્ટ હોલ્ડર વીમળાબેન મોન્ટુભાઈ પઢિયાર (રહે. દિયોદર)ની તપાસ કરી હતી. જેમાં આ બનાવમાં સંકળાયેલા મોન્ટુભાઈ પઢિયાર (રહે. દિયોદર) અને નિરવ વિષ્ણુભાઈ ચૌધરી (રહે. વણાગલા, તા. ઊંઝા)ની આ ગુનામાં સંડોવણી હોવાનું ખુલ્યું હતું. આથી બંનેને હસ્તગત કરી વધુ તપાસ અર્થે નાસિક સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના અધિકારીઓને સોંપ વામાં આવ્યા હતા. જેમાં તપાસ કરતાં બેન્ક ખાતું ફ્રીજ હોવાનું તેમજ આ મામલે મહારાષ્ટ્રના નાસિક સાયબર પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાયેલો હોવાનું જાણવા મળ્યું હતું.આથી મહેસાણા સાયબર ક્રાઈમ પોલીસે બેન્ક એકાઉન્ટ હોલ્ડર વીમળાબેન મોન્ટુભાઈ પઢિયાર (રહે. દિયોદર)ની તપાસ કરી હતી. જેમાં આ બનાવમાં સંકળાયેલા મોન્ટુભાઈ પઢિયાર (રહે. દિયોદર) અને નિરવ વિષ્ણુભાઈ ચૌધરી (રહે. વણાગલા, તા. ઊંઝા)ની આ ગુનામાં સંડોવણી હોવાનું ખુલ્યું હતું. આથી બંનેને હસ્તગત કરી વધુ તપાસ અર્થે નાસિક સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના અધિકારીઓને સોંપવામાં આવ્યા હતા.

## મોરવાહડફના સાગવાડામાં લાયસન્સ વગર સંગ્રહ કરેલો ફટાકડાનો જથ્થો ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને પંચમહાલ પોલીસ દ્વારા ગેરકાયદેસર રીતે ફટાકડાનું વેચાણ અને સંગ્રહ કરનારાઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન મોરવાહડફ તાલુકાના સાગવાડા ગામેથી લાયસન્સ વગર ગેરકાયદે સંગ્રહ કરાયેલો રૂપિયા ૪.૩૭ લાખની કિંમતનો ફટાકડાનો જથ્થો પંચમહાલ SOGએ ઝડપી પાડ્યો છે. સમગ્ર મામલે પોલીસે આરોપી વેપારીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. દિવાળીના તહેવારની હવે થોડા દિવસની વાર છે, ત્યારે પંચમહાલના મોરવાહડફમાં ગેરકાયદે ફટાકડાનો સંગ્રહ કરનાર સાગવાડા ગામે આવેલા ઉમરદેવી ફળીયામાં રહેતા ગણપત રૂપાભાઈ રાવત નામના શખ્સની ધરપકડ કરવામાં આવી છે. આરોપીએ પોતાના રહેણાંકના મકાનમાં કોઈપણ પ્રકારના પરવાના કે લાયસન્સ વગર ગેરકાયદે રીતે ફટાકડાનો સંગ્રહ કરીને વેચાણ કરતો હોવાની પંચમહાલ SOGને બાતમી મળી હતી. આ પછી પોલીસે આોપીના મકાનમાં તપાસ હાથ ધરતા ઓસરીમાંથી ફાયર સેફ્ટીના સાધનો કે વોટર સ્પ્રીનકલની કોઈપણ વ્યવસ્થા રાખ્યા વગર જોખમી રીતે લાયસન્સ વગર સુતળી બૉમ્બના બોક્સનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂપિયા ૪,૩૭,૪૦૦ની કિંમતનો ૩૬૪૫ નંગ સુતળી બૉમ્બના બોક્સનો જથ્થો જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ પછી પોલીસે આોપીના મકાનમાં તપાસ હાથ ધરતા ઓસરીમાંથી ફાયર સેફ્ટીના સાધનો કે વોટર સ્પ્રીનકલની કોઈપણ વ્યવસ્થા રાખ્યા વગર જોખમી રીતે લાયસન્સ વગર સુતળી બૉમ્બના બોક્સનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂપિયા ૪,૩૭,૪૦૦ની કિંમતનો ૩૬૪૫ નંગ સુતળી બૉમ્બના બોક્સનો જથ્થો જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝુંડાલમાં આવેલી બિલ્ડીંગના ફ્લેટના ૮ માળે લાગી આગ

। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

ગુજરાતમાં અવારનવાર આગ લાગવાની ઘટના બનતી હોય છે. ત્યારે ગાંધીનગરના ઝુંડાલમાં આવેલા ફ્લેટમાં ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. મળતી માહિતી અનુસાર મોડી રાતે ઝુંડાલમાં આવેલી એક બિલ્ડીંગના ફ્લેટના ૮માં માળે આગ ભભૂકી હતી. આગમાં સમગ્ર મકાનની ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. ફાયરના જવાનોએ ૧૦ જેટલા રહેશોનું રેસ્ક્યુ કર્યું હતું. પ્રાપ્તથતી વિગત અનુસાર શોર્ટ સર્કિટ પછી આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. ઘટનાની જાણ થતા અમદાવાદ અને ગાંધીનગરના ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી આગને કાબુ લીધી હતી. જો કે સદનસીબે આગમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી. ઉલ્લેખનીય છે કે મકાનમાં આગ લાગતા જ આસપાસના વિસ્તારોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. તેમજ દૂર સુધી ધુમાડાના ગોટે ગોટા જોવા મળ્યા હતા. આગ લાગવાની જાણ ફાયર વિભાગને થતા તાત્કાલિક ધોરણે અમદાવાદ અને ગાંધીનગરની ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. ઉલ્લેખનીય છે કે મકાનમાં આગ લાગતા જ આસપાસના વિસ્તારોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. તેમજ દૂર સુધી ધુમાડાના ગોટે ગોટા જોવા મળ્યા હતા. આગ લાગવાની જાણ ફાયર વિભાગને થતા તાત્કાલિક ધોરણે અમદાવાદ અને ગાંધીનગરની ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.

## ધ્રોલ તાલુકાના રોજીયા ગામના યુવાનનો નદીમાં ઝંપલાવી આપઘાત

। (એજન્સી) જામનગર, તા.૭ ।

જામનગર જિલ્લાના ધ્રોલ ગામની નદીમાં ઝંપલાવીને રોજીયા ગામના યુવાને આત્મહત્યા કરી લીધી હતી. પિતાએ અભ્યાસ બાબતે ઠપકો આપતાં યુવકે આ પગલું ભર્યું હતું. ધ્રોલ તાલુકાના રોજીયા ગામમાં રહેતા સુનિલ વિક્રમભાઈ ડાંગર (૨૪)નો મૃતદેહ આજે સવારે ધ્રોલની બાવની નદીમાંથી મળી આવ્યો હતો. આ બનાવ અંગેની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસ કાફલો દોડી ગયો હતો. અને યુવકના મૃતદેહને પાણી માંથી બહાર કાઢી તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં એવું કારણ જાહેર થયું હતું કે સુનિલ ડાંગરને તેના પિતાએ અભ્યાસ બાબતે ઠપકો આપતાં તેને માઠુ લાગી જતાં નદીમાં ઝંપલાવીને આત્મહત્યા કરી લીધી હતી. અને યુવકના મૃતદેહને પાણી માંથી બહાર કાઢી તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં એવું કારણ જાહેર થયું હતું કે સુનિલ ડાંગરને તેના પિતાએ અભ્યાસ બાબતે ઠપકો આપતાં તેને માઠુ લાગી જતાં નદીમાં ઝંપલાવીને આત્મહત્યા કરી લીધી હતી.

## આઉટસોર્સિંગ એજન્સી સાથે વિશ્વાસુ કર્મીની ૯૪ લાખની ઠગાઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

રાજ્ય સરકારની વિવિધ કચેરીઓમાં તથા ખાનગી એકમોમાં આઉટસોર્સિંગ કર્મચારીઓ પૂરા પાડતી એજન્સી સાથે વિશ્વાસુ કર્મચારીએ રૂ.૯૪ લાખની ઠગાઈ આચરી છે. પોતાની બહેન તથા અન્ય મળતિયાઓના નામે બેંક ખાતા ખોલાવીને પગાર જમા કરાવી દીધા હોવાનું ધ્યાનમાં આવતાં એજન્સી દ્વારા કૌભાંડી કર્મચારી સામે ગાંધીનગરના સેક્ટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ગાંધીનગરના સેક્ટર-૮ ખાતે રહેતા મુકેશભાઈ મનજીભાઈ કાલાવડિયા સેક્ટર-૧૧ ખાતે અનુશ્રી આઉટસોર્સ પેઢી નામે રાજ્યભરમાં કર્મચારીઓ પૂરા પાડવાનું કામ કરે છે. વર્ષ ૨૦૧૭માં તેમને ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (જીઆઈડીએમ) રાયસણ ખાતે મેન પાવર પૂરો પાડવાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. મુકેશભાઈએ સેક્ટર-૧૪ ખાતે રહેતા રોનક ચંદુલાલ પટેલને ટેન્ડર ભરવાથી માંડીને બેંકમાં કર્મચારીના પગાર જમા કરાવવાનું કામ સોંપ્યું હતું. વર્ષ ૨૦૧૭થી આ કામગીરી કરતો રોનક વર્ષ ૨૦૨૪માં બીમારીનું કારણ જણાવી રજા પર ઉતરી જતાં તેનું કામ રાજેન્દ્ર ગોસ્વામી અને આશિષ વોરાએ સંભાળ્યું હતું. તેમણે પેઢીના હિસાબો ચકાસતા વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ દરમિયાન પેઢીમાં નોકરી ન કરતા હોય તેવા કર્મચારીના ખાતામાં પગાર જમા થયા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. શંકાસ્પદ કર્મચારીઓના બેંક ખાતાની ચકાસણી દરમિયાન રોનકની પોલ પકડાઈ હતી. તેણે કર્મચારીઓના નામ અસલ રાખ્યા હતા, પરંતુ તેમના પગાર પોતાની બહેન સ્નેહા તથા અન્ય મળતિયાઓના ખાતામાં જમા કરાવ્યા હતા. વર્ષ ૨૦૨૩માં રૂ.૪૪.૨૭ લાખ અને વર્ષ ૨૦૨૪માં રૂ.૪૪.૩૦ લાખ સહિત કુલ રૂ.૯૩.૫૭ લાખની ઠગાઈ અંગે સેક્ટર-૭ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાયો છે. શંકાસ્પદ કર્મચારીઓના બેંક ખાતાની ચકાસણી દરમિયાન રોનકની પોલ પકડાઈ હતી. તેણે કર્મચારીઓના નામ અસલ રાખ્યા હતા, પરંતુ તેમના પગાર પોતાની બહેન સ્નેહા તથા અન્ય મળતિયાઓના ખાતામાં જમા કરાવ્યા હતા. વર્ષ ૨૦૨૩માં રૂ.૪૪.૨૭ લાખ અને વર્ષ ૨૦૨૪માં રૂ.૪૪.૩૦ લાખ સહિત કુલ રૂ.૯૩.૫૭ લાખની ઠગાઈ અંગે સેક્ટર-૭ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાયો છે.

**વિશેષ** — અમદાવાદ જિલ્લામાં બાગાયતી ખેતીનો અવિરત વિકાસ, છેલ્લા પાંચ વર્ષમાં બાગાયત ક્ષેત્રે ૨૩% વાવેતર વિસ્તાર વધ્યો અને ૨૦% ઉત્પાદન વધ્યું

# બાગાયત સહિત કૃષિ અને પશુપાલન વિભાગની સહાય યોજનાઓ માટે આઈ ખેડૂત પોર્ટલ બન્યું ખેડૂતોનું સાથી :- શ્રી જયદેવ પરમાર, નાયબ બાગાયત નિયામક(ઈ.ચા.)

। (માહિતી) અમદાવાદ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના પોતાના કાર્યકાળમાં ગુજરાતમાં વિવિધ ક્ષેત્રે સિમાચિહ્નરૂપ ઉપક્રમો અને સહાય યોજનાઓ દ્વારા રાજ્યના સર્વાંગી વિકાસનો પાયો નાખ્યો હતો. કૃષિ અને બાગાયત ક્ષેત્રે અમદાવાદ જિલ્લાના ખેડૂતો ઉતરોતર વિકાસ સાધી રહ્યા છે. ગુજરાતમાં વિકાસ સપ્તાહની ઉજવણી કૃષિ ક્ષેત્રે થયેલા અદભૂત પરિવર્તનોને બિરદાવવાનો અવસર છે. અમદાવાદ જિલ્લામાં ફળ પાકો સહીત વિવિધ પ્રકારના બાગાયતી પાકોનું વાવેતર દિન પ્રતિદિન વધી રહ્યું છે. જિલ્લાના ખેડૂતો બાગાયત ક્ષેત્રે અવનવા પ્રયોગો થકી નવીન પાકોનું વાવેતર વધે અને સારું ઉત્પાદન મળે એ માટે સતત પ્રયત્નશીલ રહે છે. રાજ્ય સરકારની અનેકવિધ સહાય યોજનાઓ ખેડૂતોને પ્રોત્સાહન પૂરું પાડી રહી છે. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા ખેડૂતોને આપવામાં આવેલા પીઠબળને પરિણામે અમદાવાદ જિલ્લાએ બાગાયત ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. છેલ્લા પાંચ વર્ષમાં, જિલ્લાના ફળપાકના વાવેતર વિસ્તારમાં ૨૩% અને ઉત્પાદનમાં ૨૦% નો વધારો થયો છે. ’ગ્રો મોર ફ્રૂટ ક્રોપ’ ('Grow More Fruit Crop') અભિયાનની સફળતા અમદાવાદ જિલ્લામાં મુખ્યત્વે દાડમ, લીંબુ, સીતાફળ, જામફળ, આંબા જેવા ફળપાકોનું વાવેતર થાય છે. જોકે, જિલ્લાના ખેડૂતો નવીન અને આશાસ્પદ પાકો જેવા કે કમલમ (ડ્રેગન ફ્રૂટ), અંજીર, ટીસ્યુ ખારેક અને મોસંબીના





વાવેતરમાં ઉત્તરોત્તર વધારો કરી રહ્યા છે. બાગાયત વિભાગ દ્વારા ખેડૂતોને ફળપાક વાવેતર અને ઉત્પાદન વધારવા પ્રોત્સાહિત કરવાના હેતુથી ’ગ્રો મોર ફ્રૂટ ક્રોપ’(‘Grow More Fruit Crop’) કેમ્પેઈન હાથ ધરવામાં આવ્યું છે.

● ગ્રીન કવર/ગ્રીનબેલ્ટમાં વધારો: આ ઝુંબેશ દ્વારા ખેડૂતો આવક વધારવાની સાથે સાથે ફળપાક વાવેતર દ્વારા પર્યાવરણની જાળવણીમાં પણ સહભાગી બની શકે છે.

● વાવેતર અને ઉત્પાદનમાં ઉછાળો: વર્ષ ૨૦૧૮-૧૯માં ૪,૪૪૨ હેક્ટરમાં ફળપાક વાવેતર થતું હતું, જે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૫,૪૫૪ હેક્ટર થયું છે. એ જ રીતે, ઉત્પાદન પણ ૨૦૧૮-૧૯ના ૬૩,૫૪૦ ટનથી વધીને ૨૦૨૪-૨૫માં ૭,૫૦,૦૨૩ ટન થયું છે.

સરકારી સહાય: 'i-ખેડૂત પોર્ટલ’ થકી પારદર્શિતા

રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા રાજ્યના ખેડૂતોને કૃષિ સંબંધિત વિવિધ વિભાગની યોજનાઓના લાભો એક જ પ્લેટફોર્મ પરથી અને સરળતાથી મળી રહે તે માટે આઈ-ખેડૂત પોર્ટલ દ્વારા ખેડૂતોની અરજીઓ મંગાવવામાં આવે છે. આઈ-ખેડૂત પોર્ટલ થકી ખેડૂતો ઘેર બેઠા સરકારી યોજનાઓના લાભો મેળવી શકે છે.

● ૩૫,૦૦૦થી વધુ ખેડૂતો લાભાર્થી: અમદાવાદ જિલ્લાના ૩૫ હજારથી વધુ ખેડૂતોએ છેલ્લા ત્રણ વર્ષમાં બાગાયતી યોજનાઓના લાભ મેળવવા i-ખેડૂત પોર્ટલ પર અરજી કરી છે.

● ₹ ૨૨.૯૧ કરોડની સહાય: જિલ્લા ગ્રામ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં ખેડૂતોને i-ખેડૂત પોર્ટલ થકી વિવિધ બાગાયતી યોજનાઓમાં ₹૨૨.૯૧ કરોડની માતબર સહાય ચૂકવવામાં આવી છે. (એકલા વર્ષ ૨૦૨૪-૨૫માં ₹૮.૭૦ કરોડની સહાય અપાઈ છે). ખેડૂતો ઘનિષ્ઠ ખેતી, આંબા-જામફળ ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ, પપૈયા, ટીસ્યુ કેળ અને કમલમ જેવા ફળપાક વાવેતરની યોજનાઓમાં સહાયનો લાભ લઈ રહ્યા છે. ખાસ કરીને, પ્રાકૃતિક પદ્ધતિથી ફળપાક ઉગાડનારા ખેડૂતોને વધારે પ્રોત્સાહન અને પ્રાધાન્ય આપવામાં આવે છે. આમ, ટેક્નોલોજી, પારદર્શક વહીવટ અને ખેડૂતોના પ્રયત્નો થકી વિકસિત ગુજરાતના નિર્માણમાં બાગાયત ક્ષેત્ર કેટલો મોટો ફાળો આપી શકે છે એ બાગાયત ક્ષેત્રની આ વિકાસ ગાથા પરથી સાબિત થાય છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## તંત્રી લેખ...

# ભાજપના સાંસદ અને ધારાસભ્યને લોકોએ માર્યા

ભારતીય જનતા પાર્ટીના સાંસદ અને ધારાસભ્ય પર હુમલો કરવામાં આવ્યો હતો. તેઓ પૂરગ્રસ્ત વિસ્તારમાં પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા ગયા હતા, પરંતુ લોકો ગુસ્સે થઈ ગયા અને તેમના પર પથ્થરમારો કર્યો હતો. ઘટનાસ્થળે પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ કે, સાંસદ અને ધારાસભ્યને જીવ બચાવવા ભાગવું પડ્યું હતું. આ ઘટના પશ્ચિમ બંગાળના જલપાઈગુડીના નાગરકાટા વિસ્તારમાં બની હતી. પથ્થરમારામાં માલદા ઉત્તરના સાંસદ ખગેન મુર્મુ અને સિલિગુડીના ધારાસભ્ય ડૉ. શંકર ઘોષ ઘાયલ થયા હતા, અને તેમના વાહનોના કાચ પણ તૂટી ગયા હતા. સુરક્ષા કર્મચારીઓએ કોઈક રીતે તેમને ભીડમાંથી બચાવ્યા, તેમને વાહનમાં બેસાડીને હોસ્પિટલ લઈ ગયા હતા. પથ્થરમારાને કારણે સાંસદનું માથું ફૂટી ગયું હતું અને તેમાંથી લોહી નીકળવા લાગ્યું હતું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, સિલિગુડીના ધારાસભ્ય ડૉ. શંકર ઘોષ અને માલદા ઉત્તરના સાંસદ ખગેન મુર્મુ પૂરગ્રસ્ત લોકોને રાહત સામગ્રીનું વિતરણ કરવા પહોંચ્યા હતા, ત્યારે કેટલાક લોકો ઉશ્કેરાઈ ગયા હતા. તેઓએ એકબીજા સાથે દલીલો અને ગાળો બોલવા લાગ્યા હતા. ધારાસભ્ય અને સાંસદના સુરક્ષા કર્મચારીઓએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ લોકોએ પથ્થરમારો શરૂ કરી દીધો હતો. સાંસદના માથા પર પથ્થર વાગ્યો, જેના કારણે લોહી નીકળવા લાગ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આવતા વર્ષે પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની હોવાથી, આ ઘટના રાજ્યની રાજકીય પરિસ્થિતિને વધુ ખરાબ કરી શકે છે. ઘટનાસ્થળે પોલીસ તૈનાત કરવામાં આવી છે. પોલીસ પથ્થરમારો કરનારાઓની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહી છે અને ઘટના વિશે માહિતી એકત્રિત કરવા માટે લોકોની પૂછપરછ કરી રહી છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) આઈટી સેલના રાષ્ટ્રીય પ્રવક્તા અમિત માલવિયાએ સાંસદ અને ધારાસભ્ય પર થયેલા હુમલાની નિંદા કરી છે. તેમના ઠ હેન્ડલ પર એક પોસ્ટમાં, તેમણે બંગાળમાં TMCના ''જંગલ રાજ''નું વર્ણન કર્યું હતું. તેમણે લખ્યું કે, ઉત્તર માલદાથી બે વખત સાંસદ રહેલા અને આદરણીય આદિવાસી નેતા, BJP સાંસદ ખગેન મુર્મુ પર TMCના ગુંડાઓએ હુમલો કર્યો, જ્યારે તેઓ વિનાશક વરસાદ, પૂર અને ભૂસ્ખલન પછી રાહત અને બચાવ કામગીરીમાં મદદ કરવા માટે જલપાઈગુડીના ડુઅર્સ પ્રદેશના નાગરાકાટામાં હતા.

## સ્વચ્છતા પખવાડા ૨૦૨૫ અંતર્ગત અમદાવાદ મંડળ દ્વારા સ્વચ્છ સ્ટેશન, સ્વચ્છ રેલગાડી અને સ્વચ્છ ટ્રેક પર વિશેષ ધ્યાન



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર ૦૧ થી ૧૫ ઓક્ટ-ોબર, ૨૦૨૫ સુધી સ્વચ્છતા પખવાડા ૨૦૨૫ ઉજવી રહ્યું છે. આ દરમિયાન સ્ટેશનો, ઓફિસો અને ટ્રેનોમાં સ્વચ્છતા, સફાઈ અને પર્યાવરણ જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવી રહ્યા છે. પખવાડા દરમિયાન અમદાવાદ મંડળના મુખ્ય સ્ટેશનો પર પ્લેટફોર્મો, સર્ક્યુલેટિંગ એરિયા અને યાત્રી સુવિધાઓની સઘન સફાઈ કરવામાં આવી. કચરાપેટીની ઉપલબ્ધતા અને તેના જતનનું નિરીક્ષણ કરવામાં આવ્યું, તેમજ નાળીઓ, શૌચાલયો, પહોંચ માર્ગો, ફૂટ ઓવર બ્રિજ અને વેઈટિંગ રૂમ્સની વિશેષ સફાઈ કરવામાં આવી. પ્લાસ્ટિકના ઉપયોગને અટકાવવા માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યા અને સૂકા તથા ભીના કચરાના માટે અલગ-અલગ કચરાપેટીની વ્યવસ્થા કરવામાં આવી. હરિત ઊર્જાનો ઉપયોગ વધારવા માટે સૌર ઊર્જા ઉપકરણોના સંચાલન અને જતનની તપાસ કરવામાં આવી. સાથે જ, સ્વચ્છતા અને દુર્ગંધ નિયંત્રણ માટે સ્ટેશનો પર નાળીઓ અને શૌચાલયોની સફાઈ સુનિશ્ચિત કરવામાં આવી. ટ્રેન વોશિંગ લાઈનો પર વિશેષ સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું, જેમાં શૌચાલયો, ગેંગવે અને વેસ્ટિબ્યુલ ક્ષેત્રો પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું. અધિકારીઓ દ્વારા ઘણી મહત્વપૂર્ણ ટ્રેનોનું નિરીક્ષણ કરવામાં આવ્યું, જેમાં પૂરતોં મ્ઉઁજી સ્ટાફ, લિનેનની ગુણવત્તા અને પેન્ટ્રી કારની સ્વચ્છતાની તપાસ કરવામાં આવી. મુસાફરોને બાયો-ટોયલેટ, ફ્લશિંગ સિસ્ટમ અને કચરો ફેલાવવા જેવી આદતો વિષે શિક્ષિત કરવા માટે જાગૃતિ અભિયાન પણ આયોજિત કરવામાં આવ્યા. સ્ટેશનોના બ્લોક સેકશન અને આસપાસના વિસ્તારોમાં ટ્રેકની સફાઈ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું. ટ્રેકની બાજુમાં આવેલા નાળાઓ પણ સફાઈ અભિયાનમાં સામેલ કરવામાં આવ્યા. સાથે જ, કચરો અને અનાવશ્યક ઝાડીઓ દૂર કરવામાં આવી. આ સતત પ્રયાસોથી મંડળે સ્વચ્છ ભારત મિશન પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા પુનઃપ્રતિષ્ઠિત કરી છે અને પોતાના નેટવર્કમાં મુસાફરો અને સમુદાયોને સ્વચ્છ, સુરક્ષિત અને સ્વસ્થ પર્યાવરણ ઉપલબ્ધ કરાવવાની દિશામાં મજબૂત પગલાં લીધા છે.

### માનવી જે કંઈ કરે એ શ્રદ્ધાપૂર્વક ન કરે તો એનું કોઈ મહત્વ રહેતું નથી

# ઉત્તમ કુળમાં જન્મ આપનાર પિતૃઓનું જીવતાં જ જતન કરીએ, એ છે સાચો શ્રાદ્ધનો મહિમા!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**દેવલોક, તેમજ મૃત્યુલોકમાં તેને અનુસરવામાં આવે છે. આજે પણ લોકો ખૂબ જ શ્રદ્ધાપૂર્વક પોતાનાં પિતૃઓનું શ્રાદ્ધ કરતાં જોવા મળે છે, જે આમ તો જીવનનાં અંત સુધી પોતાને આ પૃથ્વી પર લાવનારને યાદ કરી આભાર માની અને ઋણ ઉતારવાની વાત છે. પૂનમથી શરૂ કરીને અમાસ સુધીના આ ૧૬ દિવસનાં સોળ શ્રાદ્ધમાં આપણે ત્યાં મૃત્યુતિથી પ્રમાણે શ્રાદ્ધ કરવામાં આવે છે**

શ્રાવણ જતાં ભાદરવો શરૂ થયો,ગણેશ વિસર્જન પણ પૂર્ણ થયું. આજથી શ્રાદ્ધ શરું થાય છે, એટલે આપણાં પિતૃઓનાં ચરણોમાં શ્રાદ્ધ રુપે શ્રદ્ધા સુમન સમર્પિત કરવાં વિશે જોઈએ. આપણને આટલી સુંદર સૃષ્ટિ પર લાવી ,ઉત્તમ કુળ અને સંસ્કૃતિ ગત સંસ્કારો આપનારનું શ્રદ્ધા થી કરીએ શ્રાદ્ધ. ભાદરવા મહિનામાં ૧૬ દિવસ પિતૃનાં ગણવામાં આવે છે. શાસ્ત્રોમાં કહ્યા મુજબ માનવી પર ત્રણ પ્રકારના ઋણ હોય છે, દેવ ઋણ, આચાર્ય ઋણ, અને પિતૃ ઋણ, જે તેને પોતાનાં જીવન દરમિયાન પોતપોતાનાં ભાવથી ઉતારવાનું હોય છે. દેવદેવીને લઈને તો આપણે ત્યાં કેટલાં એ ઉત્સવો ઉજવાય છે, અને એ સમય દરમિયાન આપણે પૂજા પાઠ, યજ્ઞ, દાન, ઈત્યાદી કરી દેવ ઋણ ઉતારવાની કોશિશ કરતાં હોઈએ છીએ. આચાર્ય ઋણ પણ ગુરુપૂર્ણિમા જેવા દિવસે ગુરુદક્ષિણા આપીને કે પછી અન્ય રીતે ઉતારવાની કોશિશ કરતાં હોઈએ છીએ. પિતૃઓના તર્પણ માટે ભાદરવા મહિનાની પૂનમ અને કૃષ્ણ પક્ષનાં પંદર એમ ૧૬ દિવસ મુકરર કરવામાં આવ્યા છે, અને તેને શ્રાદ્ધ કહેવામાં આવે છે. તો પ્રશ્ન થાય કે શ્રાદ્ધ પક્ષમાં શું માત્ર શ્રાદ્ધ કરવાથી પિતૃ ઋણ અદા થઈ જાય છે?? કે પછી જીવતાં જ ઈશ્વર જેમ શ્રદ્ધાથી જતન કરવું જરૂરી છે?? આમ તો જીવતા હોય ત્યારે તેમને સંતોષ રહે, એ રીતનું જીવન જીવવું જોઈએ, જેથી કરીને પિતૃઓની સદગતિ થાય. પરંતુ ભાદરવા મહિનાના આ દિવસો દરમિયાન તેમની મૃત્યુતિથી પ્રમાણે શ્રાદ્ધ કરવામાં આવે, તો જ એમની સદગતિ થાય છે. . માનવી જે કંઈ કરે એ શ્રદ્ધાપૂર્વક ન કરે તો એનું કોઈ મહત્વ રહેતું નથી, પછી તે દેવ જન્ય પૂજા પાઠ હોય, કે પિતૃ જન્ય! એટલે સંપૂર્ણપણે શ્રદ્ધા વધારતું પર્વ એટલે શ્રાદ્ધ. આપણે ત્યાં પૂર્વ જન્મ અને પુનર્જન્મની બહુ મોટી વાત છે, બીજા ધર્મમાં એ વાતની પુષ્ટિ થતી નથી. એટલે કે પિતૃનું અસ્તિત્વ ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી જોવા મળે છે, અને સૌ પ્રથમ બ્રહ્માજીએ શ્રાદ્ધની વાત કરી હતી. તેમણે પુરાણોમાં કહ્યું છે કે પિંડદાન કરીને, પિતૃનું તર્પણ કરવાથી તેમની સદગતિ થાય છે. મહાભારતના શાંતિ પર્વ નામનાં અધ્યાયમાં યુધિષ્ઠિર પણ પિતામહ ભિષ્મને આ સવાલ કરે છે, કે શ્રાદ્ધની ઉત્પત્તિ કોણે કરી, અને શ્રાદ્ધ શું કામ કરવું જોઈએ? ત્યારે પિતામહ ભીષ્મ જવાબ આપે છે, કે દેવલોકમાં પણ શ્રાદ્ધ કરવામાં આવે છે. સૌ પ્રથમ શ્રાદ્ધ બ્રહ્માએ પિંડદાન મૂકીને કર્યું હતું, જ્યારે મૃત્યુલોકમાં સૌ પ્રથમ શ્રાદ્ધ, નેમી રાજાએ પિંડ દાન મુકીને કર્યું હતું. એટલે શ્રાદ્ધનો ઈતિહાસ માનવીના પૃથ્વી પરના અસ્તિત્વથી જ શરૂ થયેલો છે, અને દેવલોક, તેમજ મૃત્યુલોકમાં તેને અનુસરવામાં આવે છે. આજે પણ લોકો ખૂબ જ શ્રદ્ધાપૂર્વક પોતાનાં પિતૃઓનું શ્રાદ્ધ કરતાં જોવા મળે છે, જે આમ તો જીવનનાં અંત સુધી પોતાને આ પૃથ્વી પર લાવનારને યાદ કરી આભાર માની અને ઋણ ઉતારવાની વાત છે. પૂનમથી શરૂ કરીને અમાસ સુધીના આ ૧૬ દિવસનાં સોળ શ્રાદ્ધમાં આપણે ત્યાં મૃત્યુતિથી પ્રમાણે શ્રાદ્ધ કરવામાં આવે છે, અને જે તે વ્યક્તિનાં મૃત્યુ પછી ત્રીજા વર્ષમાં શ્રાદ્ધ બેસાડવામાં આવે છે. એટલે કે એમને પિતૃમાં ભેળવવામાં આવે છે, અને એની ખાસ કર્મકાંડીય વિધિ કરવામાં આવે છે. પૂનમથી અમાસ સુધીના ૧૬ દિવસમાં આપણાં વડવાઓમાં ઘણાં બધાં મૃત્યુ પામેલાં હોય, છતાં આપણે ત્યાં શ્રાદ્ધમાં ભેળવવાની વિધિને કારણે આપણે એક જ શ્રાદ્ધ કરવું પડે છે. પતિ પત્ની પણ અંતે તો એક જ હોવાથી એમનું પણ એક જ શ્રાદ્ધ કરવામાં આવે છે, સિવાય કે પત્ની પતિ કરતા પહેલાં અવસાન પામે તો એનું અલગ શ્રાદ્ધ કરવું પડે. એકમનું શ્રાદ્ધ કરવાથી વંશવૃદ્ધિ પ્રાપ્ત થાય છે, એટલે સંતાન મેળવવાની ચાહ રાખનાર લોકો એકમનું શ્રાદ્ધ કરે છે. જ્યારે અમાસનું શ્રાદ્ધ કરવાથી તમામ મનોકામના પૂર્ણ થાય છે, એવી પણ એક વાત શાસ્ત્રોમાં કરવામાં આવી છે, એટલે જ એને સર્વ પિતૃ અમાસ કહેવામાં આવે છે. એટલે કોઈને વાર તિથી યાદ ન હોય તો પણ એ અમાસનું શ્રાદ્ધ કરી શકે છે. આપણે ત્યાં શ્રાદ્ધ દરમિયાન કાગવાસ નાખવાની પણ એક પ્રથા છે. કાગડાનું આયુષ્ય ૨૦૦ વર્ષનું આંકવામાં આવ્યું છે, એટલે કે કાગડાએ આપણા પિતૃઓને જોયા જ હોય, એ રીતે તેને શ્રદ્ધાથી કાગવાસ નાખવામાં આવે છે. ભાદરવા મહિનામાં કાગડી બચ્ચાને જન્મ આપતી હોવાથી, પક્ષીનો વંશવેલો વધે અને એ પ્રજાતિ જીવીત રહે એવું પણ આની પાછળ એક કારણ છે. કાગડાની ચરકમાંથી પીપળો અને વડ જેવા વૃક્ષો ઉત્પન્ન થતા હોય છે, અને પીપળો વાતાવરણમાં પૂરતા પ્રમાણમાં ઓક્સિજન મુક્ત કરતું વૃક્ષ હોવાથી લાભદાયી છે. પીપળામાં પિતૃઓનો વાસ છે, એવી માન્યતાથી, પીપળે પાણી રેડવાની પ્રથા છે, અને એટલે પીપળાના વૃક્ષનો વધુને વધુ ઉછેર થાય, અને વાતાવરણમાં શુદ્ધ ઓક્સિજન ભળતો રહે, એ તેનું મુખ્ય કારણ છે. શ્રાદ્ધમાં ગૌગ્રાસની પરંપરા છે. ગાયમાં ૩૩ કરોડ દેવી-દેવતાઓનો વાસ હોવાથી, આ રીતે આપણા પિતૃ તર્પણ નિમિત્તે દેવતાઓને પ્રસન્ન કરવાની એક ચેષ્ટા પણ કરવામાં આવે છે. આ ઉપરાંત ગાયના દૂધ અને દૂધની બનાવટો વગેરેથી આપણે નિરોગી રહી શકીએ છીએ. ભાદરવા મહિનામાં આંકરા તડકા પડતા હોવાથી ગાયુંને ઘાસ વગેરે મળી રહેતું નથી, અને તેથી ગૌ વંશની રક્ષાનું આ વ્રત શ્રાદ્ધને દિવસે ગાયને થાળી જમાડવીની વાત આ રીતે હિન્દુ સંસ્કૃતિ સાથે જોડવામાં આવે છે. શ્રાદ્ધમાં આપણે ત્યાં દૂધપાક અને ખીર વગેરે વ્યંજનો બનાવવામાં આવે છે. સંધિ કાળના આ સમયગાળા દરમિયાન, માનવીય શરીરમાં પિત્તજન્ય રોગોનો વિકાર થવાની પૂર્ણપણે શક્યતા રહેલી છે, અને દૂધ એ પિત્ત માટે સૌથી ઉત્તમ ઔષધી હોવાથી, ભાદરવા પૂનમથી શરૂ કરી શરદપૂર્ણિમા સુધી દૂધનું સેવન કરવાથી, એ આરોગ્ય માટે લાભદાયક બને છે. દૂધપાક કે ખીરમાં સાકર કે ખાંડ ઉમેરવામાં આવે છે અને ગળ્યા પદાર્થો આમ પણ માનવીની માનસિક નબળાઈ હોય છે. મીઠાઈ વગેરે ખાવાથી મન પણ પ્રફુલિત રહે છે, એટલે આ રીતે માનવી પોતાનું શારિરીક અને માનસિક સ્વાસ્થ્ય જાળવી રાખે છે. શ્રાદ્ધને દિવસે આપણે ત્યાં બ્રહ્મ ભોજનનું મહત્વ છે, પહેલાં બ્રાહ્મણો કર્મકાંડ સિવાય આર્થિક ઉપાર્જન માટે કોઈ વ્યવસાય કરતાં નહીં, એટલે આ રીતે તેમનો જીવન નિર્વાહ ચાલતો રહે, એ માટે થઈને બ્રહ્મ ભોજન કરાવી દાન દક્ષિણા આપવાનો એક મહિમા છે. તો આપણે સૌ પણ આપણી સંસ્કૃતિ પ્રત્યે વધુને વધુ શ્રદ્ધા રાખી પિતૃના ચરણોમાં શ્રદ્ધા સુમન રાખી શ્રાદ્ધ પર્વની ઉજવણી કરીશું. પિતૃ ઋણ ઉતારવાની મળતી તકને અનુસરીને આપણી સંસ્કૃતિને સદા જીવંત રાખીએ. એમનાં જીવતાં જ આપણાં હદયમાં માતાપિતા તેમજ વડીલો માટે માન સન્માન અને આદરની લાગણી સદા અકબંધ રહેતો એમને પિતૃ યોનીમાં જવું જ ન પડે, અને એકદમ સંતોષથી જીવે અને મૃત્યુ માર્ગે જાય! સનાતન ધર્મની જય. શ્રાદ્ધને દિવસે આપણે ત્યાં બ્રહ્મ ભોજનનું મહત્વ છે, પહેલાં બ્રાહ્મણો કર્મકાંડ સિવાય આર્થિક ઉપાર્જન માટે કોઈ વ્યવસાય કરતાં નહીં, એટલે આ રીતે તેમનો જીવન નિર્વાહ ચાલતો રહે, એ માટે થઈને બ્રહ્મ ભોજન કરાવી દાન દક્ષિણા આપવાનો એક મહિમા છે. તો આપણે સૌ પણ આપણી સંસ્કૃતિ પ્રત્યે વધુને વધુ શ્રદ્ધા રાખી પિતૃના ચરણોમાં શ્રદ્ધા સુમન રાખી શ્રાદ્ધ પર્વની ઉજવણી કરીશું. પિતૃ ઋણ ઉતારવાની મળતી તકને અનુસરીને આપણી સંસ્કૃતિને સદા જીવંત રાખીએ. એમનાં જીવતાં જ આપણાં હદયમાં માતાપિતા તેમજ વડીલો માટે માન સન્માન અને આદરની લાગણી સદા અકબંધ રહેતો એમને પિતૃ યોનીમાં જવું જ ન પડે, અને એકદમ સંતોષથી જીવે અને મૃત્યુ માર્ગે જાય! સનાતન ધર્મની જય.

### જ્ઞાની અને ભાગવત પરમહંસનું લક્ષ્ય તો એક જ છે

# મનુષ્ય આ જન્મમાં બીજા જન્મ ની તૈયારી કરે છે. તેથી જ્ઞાનીઓ સંસર્ગદોષથી દૂર રહે છે.



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આત્મસ્વરૂપમાંથી મનને સ્વતંત્ર શક્તિ નથી. આત્મા એ મનનો દૃષ્ટા છે,સાક્ષી છે. ઋષભદેવ મનને દશ્યમાં જવા દેતા નથી અને મનને ઈશ્વરમાં સ્થિર કરે છે. મન ઈશ્વરમાં મળી જાય છે તેથી સુખદુઃખ થતાં નથી. દશ્યમાંથી મન હટી જાય,પછી તે દૃષ્ટામાં મળી જાય છે. મનનો ઈશ્વરમાં લય થાય તો મુક્તિ મળે છે. જ્ઞાની પુરુષોને સંસાર બાધક થતો નથી, કારણ કે જ્ઞાની પુરુષો સ્વેચ્છાથી જીવતા નથી,તે અનિચ્છાથી પ્રારબ્ધથી જીવે છે.**

શરદ પૂનમની રાત્રિની મૌજ માણ્યા પછી આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ધ્રુવનું દૃષ્ટાંત એ સ્પષ્ટ કરે છે કે, દેવો મંત્રાધીન છે.નામ સ્વતંત્ર છે. રૂપ સ્વતંત્ર છે.તેથી સંતો નામ સ્વ રૂપને વધુ મહત્ત્વ આપે છે.નામ હોય ત્યાં રૂપને પ્રત્યક્ષ થવું જ પડે છે. હજાર શિક્ષક જે જ્ઞાન નથી આપી શકતા તે જ્ઞાન માતા બાળકને આપી શકે છે.સુનીતિ બાળકને તપ કરવા મોકલે છે. જ્યારે આજની માતા બાળકને રૂપિયા આપી સિનેમા જોવા મોકલે છે.બંનેને બાળક પર પ્રેમછે પણ સુનીતિનો પ્રેમ બાળકના અંતિમ કલ્યાણને નજરમાં રાખે છે, જ્યારે આજની માતા કેવળ પજવતો બંધ થાય એટલું જ ચાહે છે. જેને ભાઈમાં ભગવાન દેખાતા નથીએ ભગવાનનીભક્તિ કદી કરી શકતા નથી, અને કરે તો એમાં પણએ ઈશ્વરને છેતરે છે. ભિખારી ભીખ માગવા નથી આવતો પણ આપણને એ બોધ આપવા આવે છેકે,મેં ન આપ્યું તેથી મારી આવી દશા થઈ.તમે નહીં આપો તો તમારી પણ આવી દશા થશે.આમ ભિખારી પણ ગુરુ છે.એનામાં પણભગવદભાવ રાખો જગતને રાજી કરવું મુશ્કેલ છે, પણ જે પરમાત્માને રાજી કરે છે તે જગતને રાજી કરે છે. વૃક્ષને લીલું રાખવા માટે પાંદડાં પરપાણી છાંટવાની જરૂરનથી,મૂળમાંપાણી છાંટવાની જરૂર છે.જગતએ વૃક્ષ નાં પાંદડાં જેવું છેઅને વૃક્ષનું મૂળ પરમાત્મા છે.એટલે જગતનેરાજી રાખવાની વ્યર્થ ભાંજગડમાંપડશો નહીં.હું જ પુરંજન છું,વધારે એમ વિચારી આ કથાનું વારંવાર ચિંતન કરજો આગળ આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનના પાંચમા સ્કંધમાં જોઈએ તો ભગવાનની પૂજા મંદિરમાં થાય છે એવું નથી. ઈશ્વર તો સર્વવ્યાપક છે. એટલે પરમાત્માની પૂજા સર્વ ઠેકાણે થઈ શકેછે.કોઈપણજીવને સુખ-સંતોષ આપોએ પણ પૂજા છે, કારણ કે દરેક જીવ ઈશ્વરનો જ અંશ છે.જીવ અને ઈશ્વર જુદા નથી.સત્તાથી તો જીવ એ ઈશ્વરનું જ પ્રતિબિંબ છે.સૂર્ય એક હોવા છતાં જેમ પાણીનાં જુદાં જુદાં પાત્રોમાં સૂર્યનાં અનેક પ્રતિબિંબ દેખાય છે,તેમ ચેતન પરમાત્માનાં પણ અનેક જીવમાં પ્રતિબિંબ પડે છે.જીવ ઈશ્વરમાં જે ભેદ છે એ ડાંગર અને ચોખા જેવો છે.ડાંગર અને ચોખામાં જેમ કોઈ ફેર નથી, એમ જીવ અને ઈશ્વરમાં પણ કંઈ ફેર નથી પણ ભાત ચોખાનો થાય છે,ડાંગર નો નથી થતો.ડાંગર થોડો ખંડાવા રૂપે માર ખાય છેત્યારે એ ચોખ્ખો બને છે. એમ જીવ પણ તપ અને ભક્તિ કરે ત્યારેએ પરમાત્મા બને છે. માટે સર્વ શરીરમાં ચૈતન્યરૂપે ઈશ્વર જ રહેલો છે એમ માનીને સર્વને સુખ આપો એ પણ પૂજા છે.તમે કોઈને સુખ ન આપો તો કંઈ વાંધો નહીં પણ કોઈને દુઃખ આપશો નહીં. પૂજા એ જ કરી શકશે જેનું હૃદય વિશાળ છે. જેની આંખમાં કામ અને પૈસો છે એ કઈ રીતે પરમાત્માની પૂજા કરી શકવાનો છે? મનને પાવન કરનારી ભરતજીની કથા હવે પાંચમા સ્કંધમાં કહેવાશે.શ્રી શુકદેવજી ફરી ફરીને કહે છેકે, શ્રીમદ્ ભાગવતની કથા સાત દિવસમાં મુક્તિ આપનારી છે.

વક્તા અધિકારી હોય અને શ્રોતા સાવધાન થઈ સાંભળે,તો ધીરે ધીરે સંસારના વિષયોમાં અરુચિ જાગે છે અને પરમાત્મા પ્રત્યે રુચિ જાગે છે. પરમાત્મા પ્રત્યે પ્રેમભાવ જાગે તો સાત દિવસમાં મુક્તિ મળે એવી આ કથા છે. ભાગવતની કથા સાંભળ્યા પછી મુક્તિ ન મળે તો માનવું કે,પૂર્વ ચિત્તિ અપ્સરા મારા મનમાં બેઠી છે. એ પૂર્વચિત્તિ એટલે શું?પૂર્વચિત્તિ એટલે પૂર્વજન્મમાં જે વિષયો ભોગવેલા તે ચિત્તમાં રહેલો છે. એ મનુષ્ય સુખદુઃખ ભોગવી પ્રારબ્ધનો નાશ કરે છે પણ નવું પ્રારબ્ધ ઊભું કરે છે. મનુષ્ય આ જન્મમાં બીજા જન્મ ની તૈયારી કરે છે. તેથી જ્ઞાનીઓ સંસર્ગદોષથી દૂર રહે છે.જગતમાં જે કાંઈ દેખાય છે,તે બધું મિથ્યા છે.એ જ્ઞાની પરમહંસની નિષ્ઠા છે.જગતને મિથ્યા માનવાથી વૈરાગ્ય આવે છે. સંસારને સાચો માનવાથી મોહ થાય છે. જગતમાં જે દેખાય છે તે મિથ્યા છે પણ આ સર્વને જાણનારો આત્મા સત્યરૂપ છે. જ્ઞાનીઓ દશ્ય વસ્તુમાં મનનેજવા દેતા નથી, પણ આ સર્વના સાક્ષી પરમાત્મામાં દૃષ્ટિસ્થિર કરે છે. મનને સત્તા મળે છે.

આત્મસ્વરૂપમાંથી મનને સ્વતંત્ર શક્તિ નથી. આત્મા એ મનનો દૃષ્ટા છે,સાક્ષી છે. ઋષભદેવ મનને દશ્યમાં જવા દેતા નથી અને મનને ઈશ્વરમાં સ્થિર કરે છે. મન ઈશ્વરમાં મળી જાય છે તેથી સુખદુઃખ થતાં નથી. દશ્યમાંથી મન હટી જાય,પછી તે દૃષ્ટામાં મળી જાય છે. મનનો ઈશ્વરમાં લય થાય તો મુક્તિ મળે છે. જ્ઞાની પુરુષોને સંસાર બાધક થતો નથી, કારણ કે જ્ઞાની પુરુષો સ્વેચ્છાથી જીવતા નથી,તે અનિચ્છાથી પ્રારબ્ધથી જીવે છે.

ત્યારે ભાગવત પરમહંસોભાગવત ઈચ્છા-પ્રારબ્ધથી જીવે છે.આ બંનેની નિષ્ઠા એક જ છે, પણ માર્ગ જુદો જુદો છે.જ્ઞાની જગતને અસત્ય માને છે.ભાગવતો જગત ને સત્ય માને છે.

જ્ઞાની અને ભાગવત પરમહંસનું લક્ષ્ય તો એક જ છે;પણ સાધનો જુદાં જુદાં છે.જ્ઞાની પરમહંસ જગતને મિથ્યારૂપે જુએ છે. ભાગવત પરમહંસ જગતને વાસુ દેવ સ્વરૂપે જુએ છે.એ માને છેકે, આ જગત બધું વાસુદેવમય છે.

શંકર સ્વામીએ બ્રહ્મા સત્ય અને જગત મિથ્યા કહ્યું છે. શબ્દમાં થોડો ભેદ છે પણ તત્ત્વમાં ભેદ નથી. જ્ઞાનીઓના વિવર્તવાદ અને વૈષ્ણવોનો પરિણામવાદ છે.જ્ઞાનીઓનો વિવર્તવાદ છે.એ કહે છે કે, દૂધનું દહીં થાયછે,દહીંએ દૂધનથી ભાગવતો કહે છે કે, જગતનું જે ઈશ્વરમાંથી પરિણામ થયું છે, તે દહીં જેવું નહીં, પરંતુ સોનાની લગડીનો દાગીનો બનાવ્યો હોય તેના જેવું છે.સોનાની લગડી હતી ત્યારે પણ સોનું અને તેનો દાગીનો બનાવ્યો હોય ત્યારે પણ સોનું. દાગીનાના સુવર્ણમાં અને સોનાની લગડીના સુવર્ણમાં કાંઈ ભેદ નથી જગત એ બ્રહ્માનું પરિણામ છે, તેથી સત્ય છે.શંકરાચાર્ય કહે છે, નામ રૂપ મિથ્યા છે.બાકી રહે તે સત્ય છે.એટલે કે માટી સત્ય કહેવાય,ઘડો સત્ય નહીં.તેપ્રમાણે જગત સત્ય નથી.વૈષ્ણવજગતને બ્રહ્મરૂપ માની જગતના પ્રત્યેક પદાર્થને બ્રહ્મરૂપે નિહાળે છે અને જગતના પ્રત્યેક પદાર્થ સાથે પ્રેમ કરે છે.જ્ઞાની પુરુષો જગતને મિથ્યા માની જગતના પદાર્થો સાથે પ્રેમ કરતા નથી. તેઓ કેવળ ઈશ્વર સાથે પ્રેમ કરે છેઅનેવિકાર વાસનાનો વિનાશ કરે છે. શરીર વિષ્ટા કે મળમૂત્રથી ભરેલું છેએમ માની દેહનો મોહ છોડી,જ્ઞાની પરમાત્મામાં લીન થાય છે, ત્યારે વૈષ્ણવો આખું જગત બ્રહ્મ રૂપ વસ્તુ માત્રને સીયારામ સમજી વંદન કરે છે.

જ્ઞાની પરમહંસોનો માર્ગ સાધારણ ગૃહસ્થ માટે અઘરો છે.વૈષ્ણવોનો માર્ગ આપણા માટે સુલભ છે. જગત બ્રહ્મરૂપછેએ માનવું સહેલું છે, પણ જે દેખાય છે તેને મિથ્યા માનવું અઘરું હું. વિષ્ટા-મૂત્રથી ભરેલું પૂતળું સમજી જ્ઞાની સ્ત્રીમાંથી મન હટાવશે. તે સ્ત્રીને તિરસ્કારથી જોશે પણ વૈષ્ણવ સ્ત્રીને લક્ષ્મીદેવી સમજશે,ને નિર્વિકાર થઈ તેને નમન કરશે. વૈષ્ણવ સ્ત્રીને સદભાવથી જોશે. કોઈ વસ્તુમાં તિરસ્કાર રાખવા કરતાં તેનામાં ભાગવત ભાવ રાખી નિર્વિકારરૂપે વંદન કરવું સારું છે. મહાપ્રભુજી કહે છે કે,પ્રત્યેક પદાર્થ શ્રીકૃષ્ણ નો અંશ છે,પરંતુ આ ખંડનમંડન ની ભાંજગડમાં પડવાથી રાગદ્વેષ ઊભા થાય છે.

જ્ઞાની પરમહંસ જ્ઞાનથી ઉપદેશ આપે છે, જ્યારે ભાગવત પરમ હંસ ક્રિયાથી ઉપદેશ આપે છે. તેની પ્રત્યેક ક્રિયા ઉપદેશ રૂપે હોય છે, જડભરતની જેમ.જ્ઞાની પરમહંસનો આદર્શ ઋષભદેવજી બતાવે છે. ભાગવત પરમહંસનો આદર્શ ભરતજી બતાવે છે. ઋષભદેવ પાગલ જેવા થઈ જગતમાં ભ્રમણ કરે છે. તે સર્વ સંગનો ત્યાગ કરશે. તેમને દેહાધ્યાસ જ નથી. ભરતજી સર્વમાં ઈશ્વરનો ભાવ રાખી સર્વની સેવા કરશે. ભરતજી કહેશે, હું સચરાચરનો સેવક છું.

### અમિતાભ બચ્ચને મહિલાઓની પ્રશંસા કરતી એક પોસ્ટ લખી

## ગૃહિણી પોતાના કામ પર ગર્વ કેમ નથી કરતી? : બીગ બી

અમિતાભ બચ્ચને મહિલા ક્રિકેટ ટીમની જીત પર એક બ્લોગ લખ્યો હતો જેનું શીર્ષક હતું ''ભારતની દીકરીઓ, ભારતની સૌથી મોટી સંપત્તિ.'' તેમણે એમ પણ લખ્યું કે ગૃહિણીઓએ પણ ગર્વથી તેમનું કામ શેર કરવું જોઈએ.અમિતાભ બચ્ચને મહિલાઓની પ્રશંસા કરતી એક પોસ્ટ લખી. અમિતાભ બચ્ચને લખ્યું કે ગૃહિણી મહિલાઓ પોતાના કામ પર ગર્વ નથી કરતી, ભલે તેમનું કામ સરળ ન હોય. કોવિડનું ઉદાહરણ આપતા તેમણે લખ્યું કે પુરુષોને ખ્યાલ આવી ગયો હશે કે આ બધું કામ કરવું કેટલું મુશ્કેલ છે.ગર્વથી કહો, ''હું ગૃહિણી છું.અમિતાભ બચ્ચને લખ્યું, ''ક્યારેક, જ્યારે હું કેબીસી પર પ્રેક્ષકોમાં બેઠેલી કોઈ મહિલાને પૂછું છું કે તે શું કરી રહી છે, ત્યારે તે ખૂબ જ ધીમા અવાજમાં કહે છે, 'હું ગૃહિણી છું.' તમે ધીમા અવાજમાં કેમ કહો છો? ના, તમારે ક્યારેય ધીમા અવાજમાં ન કહેવું જોઈએ. ગર્વથી કહો, 'તમે ગૃહિણી છો.'અમિતાભ બચ્ચને આગળ કહ્યું, ''ઘરનું સંચાલન કરવું સરળ નથી. ઘરનું ધ્યાન રાખવું, પતિની સંભાળ રાખવી, બાળકોની સંભાળ રાખવી, દરેક માટે રસોઈ બનાવવી, અને તેમાં જે વધારાનું કામ છે તે બધું જ કરવું. તે સરળ નથી. કોવિડના સમયમાં, બધા પુરુષોને ખબર પડી ગઈ કે તેમની પત્નીઓ ઘરની કેટલી કાળજી લે છે, જે અત્યાર સુધી સારા પોતે જ સંભાળતી હતી, તેમને તેની જાતે જ સંભાળ રાખવી પડતી હતી. બ્લોગની સાથે, અમિતાભ બચ્ચને મહિલા ક્રિકેટ ટીમની જીત પર વધાઈ આપી. ત્યારે તે ખૂબ જ ધીમા અવાજમાં કહે છે, 'હું ગૃહિણી છું.' તમે ધીમા અવાજમાં કેમ કહો છો? ના, તમારે ક્યારેય ધીમા અવાજમાં ન કહેવું જોઈએ. ગર્વથી કહો, 'તમે ગૃહિણી છો.'અમિતાભ બચ્ચને આગળ કહ્યું, ''ઘરનું સંચાલન કરવું સરળ નથી. ઘરનું ધ્યાન રાખવું, પતિની સંભાળ રાખવી, બાળકોની સંભાળ રાખવી, દરેક માટે રસોઈ બનાવવી, અને તેમાં જે વધારાનું કામ છે તે બધું જ કરવું. તે સરળ નથી. કોવિડના સમયમાં, બધા પુરુષોને ખબર પડી ગઈ કે તેમની પત્નીઓ ઘરની કેટલી કાળજી લે છે, જે અત્યાર સુધી સારા પોતે જ સંભાળતી હતી, તેમને તેની જાતે જ સંભાળ રાખવી પડતી હતી. બ્લોગની સાથે, અમિતાભ બચ્ચને મહિલા ક્રિકેટ ટીમની જીત પર વધાઈ આપી.



**સાધારણ કપડામાં નજર આવ્યો રજનીકાંત** | **ગ્લેમરથી દૂર સાદું જીવન જીવતા રજનીકાંતના ઘણા ફોટા સોશિયલ મીડિયા પર સામે આવ્યા**

## ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી બ્રેક લઈ આધ્યાત્મિક યાત્રા પર રજનીકાંત

ભારતીય સિનેમાના સુપરસ્ટાર રજનીકાંત છેલ્લા ૫૦ વર્ષથી દર્શકોનું મનોરંજન કરી રહ્યા છે. તાજેતરમાં જ તેની ફિલ્મ 'કુલી'એ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. પરંતુ હવે તેણે એક મોટો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી તેના ચાહકોને મોટો ઝટકો લાગ્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે સુપરસ્ટાર રજનીકાંતે એક્ટિંગથી થોડા સમય માટે બ્રેક લીધો છે અને પોતાના કેટલાક નજીકના મિત્રો સાથે હિમાલયની આધ્યાત્મિક યાત્રા પર નીકળ્યા છે. વાસ્તવમાં ગ્લેમરથી દૂર સાદું જીવન જીવતા રજનીકાંતના ઘણા ફોટા સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે. આમાંથી એક તસવીરમાં તેઓ રસ્તા કિનારે પતરાળામાં સાદગીથી ભોજન કરતા દેખાઈ રહ્યા છે. શનિવારે રજનીકાંત ઋષિકેશમાં સ્થિત સ્વામી દયાનંદ આશ્રમ પહોંચ્યા હતા, જ્યાં તેમણે સ્વામી દયાનંદને શ્રદ્ધાંજલિ આપી અને આ દરમિયાન રજનીકાંતે ગંગા નદીના કિનારે ધ્યાન ધર્યું અને ગંગા આરતીમાં પણ ભાગ લીધો.રજનીકાંતની યાત્રાની કેટલીક તસવીર સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે. લોકો તેમની સાદગીના પણ વખાણ કરી રહ્યા છે. તસવીરમાં અભિનેતાને સફેદ ધોતી અને કુર્તા પહેરેલો જોઈ શકાય છે. આ તસવીર જોઈને લોકો રજનીકાંતની સાદગીના વખાણ કરી રહ્યા છે.રજનીકાંત તાજેતરમાં જ દક્ષિણના સુપરસ્ટાર ડાયરેક્ટર લોકેશ કનાગરાજની ફિલ્મ 'કુલી'માં જોવા મળ્યા હતા. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર કમાણીના ઘણા રેકોર્ડ તોડી નાખ્યા હતા. તેણે બોક્સ ઓફિસ પર ૫૦૦ કરોડથી વધુની કમાણી કરી હતી. રજનીકાંત ઉપરાંત આ ફિલ્મમાં નાગાર્જુન, સૌબિન શાહિર, શ્રુતિ હાસન, રચિતા રામ, ઉપેન્દ્ર અને આમિર ખાન પણ હતા.બીજી તરફ વર્ક ફ્રન્ટની વાત કરીએ તો રજનીકાંત હાલમાં નેલ્સન દિલીપ કુમારની ફિલ્મ 'જેલર ૨'નું શૂટિંગ કરી રહ્યો છે. બીજી તરફ અહેવાલ પ્રમાણે રજનીકાંતે પુષ્ટિ કરી છે કે, કમલ હાસન સાથે એક ફિલ્મ પર કામ ચાલી રહ્યું છે.



### મહિપે અંશુલા કપૂર માટે 'માતાની જવાબદારી' નિભાવી

## અંશુલાની સગાઈમાં ભાવુક થયા ફિલ્મ નિર્માતા બોની કપૂર

**અંશુલા અને રોહનની સગાઈમાં અનિલ કપૂર, સોનમ કપૂર, હર્ષવર્ધન કપૂર, સહિત પરિવારના અન્ય સભ્યો અને મિત્રો પણ હાજર રહ્યા**

ફિલ્મ નિર્માતા બોની કપુરની પુત્રી અને એક્ટર અર્જુન કપુરની બહેન અંશુલા કપુરે હાલમાં જ પોતાના લાંબા સમયના બોયફ્રેન્ડ રોહન ઠક્કર સાથે સગાઈ કરી હતી. શનિવારે અંશુલાના સગાઈ સમારોહની તસવીરો શેર કરી હતી. આ સમારોહમાં તેમના પરિવાર અને નજીકના મિત્રો સામેલ થયા હતા. અંશુલાએ તેના ખાસ દિવસે સ્વર્ગસ્થ માતા મોનાની તસવીર પણ એક ખુરશીમાં રાખી હતી. અંશુલાની સગાઈના કાર્યક્રમમાં મહીપ કપુરે માતા તરીકેની સંપૂર્ણ ફરજો નિભાવી હતી. બોની કપૂરના નાના ભાઈ સંજય કપૂરની પત્ની મહિપ કપૂરે અંશુલાની સગાઈના ઘણી તસવીરો અને વીડિયો શેર કર્યા હતા. તેમાંથી એક તસવીરે સોશિયલ મીડિયા પર બધાનું ધ્યાન ખેંચ્યું છે. વીડિયોમાં, મહિપ અંશુલા અને રોહન સાથે તેલ મઢા વિધિ કરતી જોવા મળે છે. આ વિધિ સામાન્ય રીતે કન્યા અને વરરાજાના પરિવારની મોટી મહિલાઓ દ્વારા કરવામાં આવે છે, જેમાં માતા, દાદી, કાકી અને ભાભીઓનો સમાવેશ થાય છે. આ ક્લિપ સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી હતી, જેમાં ઘણા લોકોએ અંશુલાની માતા, નિર્માતા મોના શૌરી કપૂરના સ્થાને અંશુલાની 'માતા તરીકેની ફરજો' નિભાવવા બદલ મહિપની પ્રશંસા કરી હતી.બોની કપૂર પણ તેમની પુત્રી અંશુલાની સગાઈ પર ભાવુક થયેલા જોવા મળ્યા હતા. આ દરમિયાન તેમની આંખો આંસુઓથી



ભરાઈ આવી હતી. અંશુલાએ તેના પિતા સાથેના ઘણા ફોટા અને વીડિયો પણ શેર કર્યા હતા. એક વીડિયોમાં બોની કપૂર તેમની પુત્રી અંશુલાને ભાવનાત્મક સ્મિત સાથે જોતા જોવા મળે છે. ત્યાર બાદ તેઓ દિકરીના હાથને ચુંબન કરે છે. તેઓ અંશુલા સાથે ડાન્સ કરતાં પણ જોવા મળે છે, અને પછી તેને ગળે લગાવે છે. અંશુલાએ આ સુંદર વિડીયો હૃદયસ્પર્શી કેપ્શન સાથે શેર કર્યો હતો. અંશુલાએ લખ્યું, 'પાપા બોની કપૂર સાથે મારો પહેલો ડાન્સ.'

## તન્મય ભટ્ટની ૬૬૫ કરોડની નેટવર્થના દાવા પર ધમાલ



**તન્મય ભટનું નામ સૌથી લોકપ્રિય યુટ્યુબર્સ અને કન્ટેન્ટ ક્રિએટર્સમાંના એક તરીકે જાણીતું છે, લોકોને તેમના વીડિયો પણ ખૂબ ગમે છે**

જાણીતા હાસ્ય કલાકાર તન્મય ભટ્ટને લઈને ઘણી ચર્ચા થઈ છે. એક રિપોર્ટમાં તન્મય ભટ્ટની નેટવર્થ જાહેર કરવામાં આવી છે. એટલું જ નહીં, તે સૌથી મોંઘા યુટ્યુબર્સની યાદીમાં ટોચ પર છે. આ રિપોર્ટ આવ્યા પછી તન્મય ભટનું નામ ચર્ચામાં છે, પરંતુ હવે તન્મયની પ્રતિક્રિયા પણ સામે આવી છે, જેને લોકો ખૂબ જ માણી રહ્યા છે.તન્મય ભટનું નામ સૌથી લોકપ્રિય યુટ્યુબર્સ અને કન્ટેન્ટ ક્રિએટર્સમાંના એક તરીકે જાણીતું છે, લોકોને તેમના વીડિયો પણ ખૂબ ગમે છે. તન્મય ઘણીવાર તેના વીડિયોને કારણે ચર્ચામાં રહે છે, પરંતુ આ વખતે તેની નેટવર્થને કારણે ચર્ચામાં છે. અહેવાલો મુજબ તન્મય કુલ ૬૬૫ કરોડ (આશરે ઈ૧.૬ અબજ)ની સંપત્તિ ધરાવે છે. તેને સૌથી ધનિક યુટ્યુબર તરીકે પણ લેબલ આપવામાં આવી રહ્યું છે.આ રિપોર્ટ બહાર આવ્યા પછી, તન્મયે તેના પર ટિપ્પણી કરી અને લખ્યું, ''ભાઈ, જો મારી પાસે આટલા પૈસા હોત, તો હું યુટ્યુબ પર સભ્યપદ ન વેચતો હોત.'' તેણે હસતું ઈમોજી પણ મૂક્યું. જોકે, તન્મયની સાથે તેના ચાહકોએ પણ આ ઘટના માટે તેની મજાક ઉડાવવાની શરુ કરી. એક યુઝરે લખ્યું, ''તન્મય ભાઈ, મારા મોઢા પર ૧૦-૨૦ કરોડ રૂપિયા ફેંકી દો નહીંતર રેડ પડશે.'' બીજાએ લખ્યું હતું કે તન્મય યુટ્યુબર્સનો કરણ જોહર બની રહ્યો છે.તન્મય ભટની વાત કરીએ તો તે તેના કોમેડી, પોડકાસ્ટ અને કોલૅબોરેશન માટે જાણીતો છે. તેની બહોળી ફેન ફોલોઈંગ છે. ડિજિટલ પ્લેટફોર્મ પર તેના કન્ટેન્ટ ખૂબ જ લોકપ્રિય છે, અને ચાહકો તેને ખૂબ પસંદ કરે છે. નેટવર્થ રિપોર્ટમાં તન્મય ભટ્ટની સાથે સમય રૈના અને કેરીમિનાટીની નેટવર્થનો પણ ઉલ્લેખ છે. રિપોર્ટ મુજબ સમયની કુલ સંપત્તિ ૧૪૦ કરોડ છે અને કેરીમિનાટી ૧૩૧ કરોડ છે.





### હર્ષ લિંબાચિયા સાથે શેર કર્યા ખુશખબર

## કોમેડિયન ભારતી સિંહ ફરીવાર માતા બનશે

કોમેડિયન અને ટીવી હોસ્ટ ભારતી સિંહ સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય રહે છે. તે વારંવાર પોતાના વિશે અપડેટ્સ ઓનલાઈન શેર કરે છે. આ દરમિયાન ભારતી સિંહે તેના ચાહકો સાથે કેટલીક સારી ખબરો શેર કરી છે. ભારતી સિંહ ફરીથી બાળકની અપેક્ષા રાખી રહી છે, એક પોસ્ટ તેણે શેર કરી છે. આ સમાચાર સાંભળીને તેના ચાહકો ખૂબ ખુશ થયા છે.ભારતી સિંહ અને તેના પતિ હર્ષ લિંબાચિયાએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી છે. આ પોસ્ટમાં ભારતી સિંહ તેના બેબી બમ્પને ફ્લોન્ટ કરતી જોવા મળે છે. તેનો પતિ પણ કોમેડિયન સાથે જોવા મળે છે. આ દંપતીએ પોસ્ટનું કેપ્શન આપ્યું, ''અમે ફરીથી પ્રેગ્નેન્ટ છીએ.'' પોસ્ટ સામે આવતાની સાથે જ અભિનંદનનો વરસાદ વરસ્યો છે. ચાહકો અને પ્રશંસકોએ શુભેચ્છાઓ મોકલવાનું શરૂ કર્યું છે.નોંધનીય છે કે ભારતી સિંહ હાલમાં સ્વિટ્ઝર્લેન્ડમાં છે, જ્યાંથી તેણે આ ખુશખબર તેના ચાહકો સાથે શેર કર્યા છે. તેણીએ તેના ઈન્સ્ટાગ્રામ પર ઘણી સ્ટોરીઓ પણ શેર કરી છે. ભારતીની પોસ્ટમાં તેનો પુત્ર છે, જે જાહેરાત કરે છે કે તે મોટો ભાઈ બનવાનો છે. ભારતી અને હર્ષે આ પ્રસંગ વિશે એક આખો વ્લોગ પણ બનાવ્યો છે, જેનું શીર્ષક છે ''ગોલા મોટો ભાઈ બનશે.''આ અણધાર્યા સમાચારથી ચાહકો ખૂબ જ ખુશ છે અને આ કપલને અભિનંદન આપી રહ્યા છે. ભારતી સિંહ અને હર્ષને ગોલા (લક્ષ્ય) નામનો એક પુત્ર પણ છે, જેની સાથે આ કપલ ઘણીવાર જોવા મળે છે. ગોલા ઘણીવાર પપ્પા સાથે મસ્તી કરતો પણ જોવા મળે છે. ભારતી સિંહની વાત કરીએ તો કોમેડિયન ઘણી વખત તેની બીજી ગર્ભાવસ્થા વિશે વાત કરી ચૂકી છે. હવે તેણીએ આખરે આ સારા સમાચાર તેના ચાહકો સાથે શેર કર્યા છે, જેનાથી બધા ખુશ થઈ ગયા છે અને તેણીને અભિનંદન આપી રહ્યા છે.



અભિનેતા વિજય દેવરકોંડા સમગ્ર ઘટના મામલે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાણ કરીને ફરિયાદ નોંધાવી

## હૈદરાબાદ-બેંગલુરૂ હાઈવે પર અભિનેતા વિજય દેવરકોંડાને નડ્યો અકસ્માત

હૈદરાબાદઃ સાઉથની લોકપ્રિય અભિનેતા વિજય દેવરકોંડાને અકસ્માત નડ્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. જોગુલાંબા ગડવાલ જિલ્લામાં વિજય દેવરકોંડાનો કાર અકસ્માત થયો છે. મળતી વિગતો પ્રમાણે હૈદરાબાદ-બેંગલુરૂ હાઈવે પર તેની ગાડીને પાછળથી બીજી ગાડીએ ટક્કર મારી હતી. જો કે, જાનમાલને કોઈ નુકસાન થયું હોવાના સમાચાર મળ્યાં નથી. માત્ર વિજય દેવરકોંડાની કારને સામાન્ય નુકસાન થયું છે.મળતી વિગતો પ્રમાણે વિજય દેવરકોંડા પુટ્ટપર્થીથી હૈદરાબાદ પરત ફરી રહ્યો હતો. રવિવારે જોગુલંબા ગડવાલ જિલ્લાના ઉંડાવલ્લી મંડલમાં વારસિદ્ધિ વિનાયક લીફ મિલ પાસે આ અકસ્માત થયો હતો. સદનસીબે અભિનેતા કે તેમની સાથે મુસાફરી કરી રહેલા કોઈપણ વ્યક્તિને ઈજા થઈ નથી. જેથી દરેક રાહતનો શ્વાસ લીધો છે. જાણવા એવું મળ્યું છે કે, વિજય દેવરકોંડાની કારને ટક્કર મારીને બીજો કારચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો.અભિનેતા વિજય દેવરકોંડા આ સમગ્ર મામલે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાણ કરીને ફરિયાદ નોંધાવી દીધી હતી. પોલીસે ફરિયાદના આધારે કાર્યવાહી શરૂ કરી દીધી છે. પોલીસ અત્યારે અભિનેતા વિજય દેવરકોંડાની કારને ટક્કર મારનારી બીજા કાર અને તેના ડ્રાઈવરની શોધ કરી રહી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. અકસ્માત બાદ પોલીસને જાણ કરીને વિજય દેવરકોંડા સુરક્ષિત રીતે હૈદરાબાદ પહોંચી ગયો હતો.વિજય દેવરકોંડાને અકસ્માત નડ્યો હોવાથી તેના ફેન્સ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરવા લાગ્યાં હતાં. જો કે તેને કોઈ હાનિ ના થઈ હોવાથી ફેન્સ રાહતનો શ્વાસ લીધો હતો. તેના સારા સ્વાસ્થ્ય માટે પણ પ્રાર્થનાઓ કરવા લાગ્યાં હતા. એક ચાહકે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરતા લખ્યું કે, 'ભગવાનનો આભાર કે, વિજય સર સુરક્ષિત છે'. આ સાથે સામેના કારચાલક સામે કાર્યવાહી કરવા માટે પણ ચાહકો માંગણી કરી રહ્યાં છે.



# ઝાલોદ પ્રાંત કચેરી તેમજ મામલતદાર કચેરી ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

રાજ્ય સરકાર દ્વારા ૧૫ ઓક્ટોબર દરમિયાન ઉજવાઈ રહેલા વિકાસ સપ્તાહ અંતર્ગત ઝાલોદ પ્રાંત કચેરી તેમજ મામલતદાર કચેરી ખાતે ભારત વિકાસ પ્રતિજ્ઞાનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી અજય ભાટીયા ,મામલતદાર શૈલેન્દ્ર પરમાર તેમજ અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા અને ભારત સરકારના સ્વપ્નને સાકાર કરવા માટે મન ,વચન અને કર્મ થી તત્પર રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી.

આ અવસરે ‘હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી’ના મંત્ર સાથે આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યોગદાન આપવાનો સંકલ્પ લેવાયો હતો. વહીવટી તંત્રના સભ્યોએ દેશની એકતા, અખંડિતતા અને ભાઈચારા માટે સમર્પિત રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી. સૌએ પોતાના કરતાં સૌના વિચારને પ્રાધાન્ય આપવાનો અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે અવિરત કાર્યરત રહેવાનો સંકલ્પ પણ કર્યો હતો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

# ઝાલોદ નગરપાલિકામા વિકાસ સપ્તાહ અંતર્ગત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ગુજરાતનુ સુકાન સંભાળ્યાના ૨૪ વર્ષ પૂર્ણ થતાં ૦૭-૧૦-૨૦૨૫ થી ૧૫-૧૦-૨૦૨૫ સુધી વિકાસ સપ્તાહ ઉજવાઈ રહેલ છે તે અંતર્ગત આજરોજ ઝાલોદ નગરપાલિકામા પણ આ સપ્તાહની શરૂઆત વિકાસ સપથ લઈ અને કરવાની હોવાથી નગરપાલિકાના પ્રમુખ રેખાબેન ટપુભાઈ વસૈયા અને ચીફ ઓફિસર યોગેશ ગણાત્રાની આગેવાનીમાં નગરપાલિકાના કાઉન્સિલરો તેમજ શાખા અધિકારી અને કર્મચારીઓ દ્વારા ઝાલોદ નગરના સર્વાંગી વિકાસમા પ્રયત્નશીલ રહેવા માટેના વિકાસ સપથ લેવામાં આવેલ છે.

# દાહોદ લોકલ ક્રાઇમ બ્રાંચે ચાકલીયા વિસ્તાર માંથી ૧૯૫૮૩૦ રૂપિયાના વિદેશી દારૂ સાથે એક વ્યક્તિની અટકાયત કરી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા તહેવારોને અનુલક્ષીને અસામાજિક પ્રવૃત્તિ કરતી વ્યક્તિઓ તેમજ દારૂની હેરાફેરી કરતા બુટલેગરો પર નજર રાખી તેઓને પકડી પાડવા આદેશ આપેલ હતા તેને અનુસંધાને દાહોદ લોકલ ક્રાઈમ બ્રાંચના પી.આઈ એસ.એમ.ગામેતી, પી.આઈ આર.જે. ગામીત, પી.આઈ ડી.આર.બારૈયા, પી.આઈ એસ.જે.રાઠોડ દ્વારા પોલિસ સ્ટાફની ટીમ બનાવી ઝાલોદ ડિવિઝનમા આવતા ચાકલીયા વિસ્તારમાં હતા તે દરમિયાન બાતમી મળેલ હતી કે એક નંબર વગરની એક્સયુવી ગાડીમા મધ્યપ્રદેશ સાતશેરો ખાતે થી ઈંગ્લિશ દારૂ ભરી મુંડ-ાહેડા, પાવડી, દાહોદ થઈ દેવગઢ બારિયા જનાર છે જે આધારે વોચ ગોઠવી વાહનને રોકી વાહનની તલાસી લીધેલ હતી. વાહનની તલાસી લેતા ગાડી માંથી વિદેશી દારૂની ૮૧૮ નંગ બોટલ જેની અંદાજિત કિંમત ૧,૯૫,૮૩૦ ના જથ્થા સાથે આરોપી એક્સયુવી ગાડીના ચાલક દિલીપ મોહન ડામર ( મુનપુરા, પેટ-લાવદ) ની અટકાયત કરી હતી. આમ દાહોદ લોકલ ક્રાઈમ બ્રાંચને ચાકલીયા વિસ્તાર માંથી ૭,૦૦,૦૦૦ રૂપિયાનો એક્સયુવી ગાડી તેમજ ૧,૯૫,૮૩૦ મળી કુલ ૮,૯૫,૮૩૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં સફળતા મેળવેલ છે.

# લીમડી પોલિસે ચોરીના ત્રણ વાહનો સાથે એક આરોપીને ઝડપી પાડયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ઝાલોદ ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ દ્વારા ચોરી , ઘરફોડ સહિતના ગુના શોધવા માટે સૂચન આપેલ હતું તે અન્વયે લીમડી પોલિસના પી.આઈ કે.કે.રાજપૂત, પી.એસ.આઈ એ.કે.કુવાડીયા ,પી.એસ.આઈ કે.જી.મછાર અને પોલિસ સ્ટાફ કાર્યરત હતા. ગત રોજ ૦૪-૧૦-૨૦૨૫ ના રોજ હેમંત રામાભાઈ ગેલોતની ગાડી શાક માર્કેટ માંથી કોઈ અજાણ્યા ચોર ચોરી કરી ગયેલ હતા. જે ગુનાની તપાસ ટેકનિકલ અને હ્યુમન સોર્સના માધ્યમથી તપાસ કરી રહેલ હતા તે દરમિયાન લીમડી બજારમાં બાતમીને આધારે વોચમા રહીને આ ગુનામાં ચોરી થયેલ બાઈક સાથે આરોપીને ઝડપી પાડેલ હતો. લીમડી પોલીસ દ્વારા આ આરોપીને વધુ પૂછપ રછ કરતાં લીમડી માંથી એક મોપેડ તથા સુરત માંથી એક રીક્ષા પણ ચોરી કર્યાની કબૂલાત કરેલ હતી. જેના આધારે લીમડી પોલિસ દ્વારા કબુલાતના આધારે ખાત્રી તપાસ કરતા મુદ્દામાલ રિકવર કરવામાં આવેલ હતો. લીમડી પોલિસે હીરો બાઈક ૩૫,૦૦૦,સુઝુકી મોપેડ ૨૫,૦૦૦ અને રિક્ષા ૭૦,૦૦૦ મળી કુલ ૧,૩૦,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ સાથે આરોપી કમલેશ તાજસીંગ મેડા ( ભાઠીવાડા,દાહોદ) ને ઝડપી પાડવામાં સફળતા મેળવેલ છે

# અમદાવાદના પાલડીમાં આવેલી ચિલ્ડ્રન હોસ્પિટલમાં આગ લાગતા દોડધામ

। (માહિતી) અમદાવાદ, તા.૭ ।

શહેરમાં વધુ એક આગની ઘટના સામે આવી છે. પાલડી વિસ્તારમાં આવેલી એક હોસ્પિટલમાં આગ લાગી હતી. રવિવારે બપોરના સમયે ચિલ્ડ્રન હોસ્પિટલમાં આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. ઘટનાને પગલે ૧૩ બાળકોને અન્ય હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યારે ફાયરની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. શહેરના પાલડી વિસ્તારમાં આવેલી નવજાત શિશુ અને બાળરોગ નિષ્ણાત ‘વૃંદાવન ચિલ્ડ્રન હોસ્પિટલ’માં આગ લાગી હતી. અચાનક લાગ લાગતાં હોસ્પિટલમાં હાજર લોકો વચ્ચે દોડધામ મચી જવા પામી હતી. આગ લાગતા ધુમાડાના ગોટેગોટા દેખાયા હતા. જ્યારે ઘટનાની ગંભીરતાને જોતાં હોસ્પિટલમાંથી ૧૩ બાળકોને અન્ય હોસ્પિટલમાં ખસેડાયા હતા. આગ વધુ પ્રસરતા ફાયરની ટીમને જાણ કરવામાં આવી હતી. જ્યારે ફાયરની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. હોસ્પિટલમાં આગ કયા કારણસર લાગી હતી, તે અંગે કોઈ માહિતી સામે આવી નથી. ફાયરની ટીમ દ્વારા આગ પાછળનું કારણ જાણવા તપાસ હાથ ધરવામાં આવી છે. આગ વધુ પ્રસરતા ફાયરની ટીમને જાણ કરવામાં આવી હતી. જ્યારે ફાયરની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. હોસ્પિટલમાં આગ કયા કારણસર લાગી હતી, તે અંગે કોઈ માહિતી સામે આવી નથી. ફાયરની ટીમ દ્વારા આગ પાછળનું કારણ જાણવા તપાસ હાથ ધરવામાં આવી છે. આગ વધુ પ્રસરતા ફાયરની ટીમને જાણ કરવામાં આવી હતી. જ્યારે ફાયરની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. હોસ્પિટલમાં આગ કયા કારણસર લાગી હતી, તે અંગે કોઈ માહિતી સામે આવી નથી. ફાયરની ટીમ દ્વારા આગ પાછળનું કારણ જાણવા તપાસ હાથ ધરવામાં આવી છે.

# કડાણા તાલુકાના દીવડા કોલોની મુકામે મીટીંગ



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૭ ।

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના દીવડા કોલોની વસાહતમાં કડાણા તાલુકા પેન્શનર્સ મંડળ તેમજ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંતરામપુર- કડાણા ના કાર્યાલયનું ઉદઘાટન એ/૯૨ ખાતે સવારે ૧૧:૦૦ કલાકે કરવામાં આવ્યું. જેમાં પ્રમુખશ્રી વિનયચંદ્ર બી.પટેલ દ્વારા રીબીન દૂર કરી પ્રવેશ કરવામાં આવ્યો. ત્યારબાદ પ્રમુખશ્રી ઉપ રાંત મંત્રીશ્રી રસિકભાઈ તેમજ રામસિંહભાઈ ઉપરાંત શ્રી મનજીભાઈ, શ્રી વિનુભાઈ, શ્રી કનૈયાલાલ, શ્રી શશીકા-તભાઈ, શ્રી મૂળજીભાઈ, શ્રી રમણભાઈ વગેરે દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ભૂદેવ શ્રી ભરતભાઈ પ ડ્યા એ સૌને કુમકુમતિલક, અક્ષત,પુષ્પ દ્વારા આશીર્વાદ આપ્યા હતા. સૌપ્રથમ પ્રમુખશ્રીની વરણી કરવામાં આવી, ત્યારબાદ સ્વર્ગસ્થ સભાસદોને અંતઃકરણ પૂર્વક શ્રદ્ધાંજલિ અર્પિ મૌન પાળવામાં આવ્યું. નવીન સભાસદોના ફોર્મ ચકાસી બહાલી આપવામાં આવી.ચૂકવાયેલ સહાયને બહાલી આપવામાં આવી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રસિકભાઈ પંચાલ દ્વારા કરવામાં આવ્યું.

# પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ; નવા કીર્તિમાન રચતા નિરંતર પ્રગતિ પર

। (રેલવે) અમદાવાદ, તા.૭ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે સપ્ટેમ્બર ૨૦૨૫માં ઉત્તમ કામગીરી કરીને એક નવી સિદ્ધિ નોંધાવી છે. મંડળે આ અવધિ દરમ્યાન માલવહન, મુસાફરી સેવાઓ, પાર્સલ, લીઝિંગ અને બિનભાડા આવક જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરીને ₹૭૬૩ કરોડથી વધુની રાજસ્વ મેળવી છે. આ સિદ્ધિ મંડળની સંગઠિત કાર્યશૈલી, યોજના બદ્ધ રણનીતિ અને ટીમની ભાવનાનું પરિણામ છે. મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે આ સફળતા બદલ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા અને ભવિષ્યમાં પણ આ જ ગતિ જાળવી રાખવા માટે પ્રેરણા આપી.

માલ વહન ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન

અમદાવાદ મંડળે માલ વહનમાંથી ₹૫૯૫.૧૬ કર-ોડની આવક મેળવી, જે નિર્ધારિત લક્ષ્ય ₹૫૬૯.૫૭ કરોડથી વધુ છે ₹ આ મહિને ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ એક જ દિવસે ₹૨૫.૯૪ કરોડની માલ આવક અને ૯૫ રેકની લોડિંગ નોંધાઈ – જે ચાલુ આર્થિક વર્ષની સવશ્રેષ્ઠ સિદ્ધિ રહી. ભીમાસર, ખોડિયાર, હળવદ અને કાંકરિયા જેવા મુખ્ય ગુડ્સ શેડ્સે અત્યાર સુધીનું સર્વોત્તમ પ્રદર્શન કર્યું, IF-FCO, BPC તથા અન્ય ખાનગી સાઈડિંગ્સમાંથી પણ રેકોર્ડ માલઆવક મળી.નવી વસ્તુઓ જેમ કે મસૂર દાળ, ખાતર વગેરે તથા નવા ગંતવ્યો પર લોડિંગથી ₹૩.૫ કરોડથી વધુ વધારાની આવક પ્રાપ્ત થઈ₹ કાંકરિયા, કંડલા, હિંમતનગર અને ગાંધીધામથી સોડા એશ, પેટકોક, ઘઉં, ઔદ્યોગિક મીઠું, ખાતર અને ખાદ્ય તેલ જેવી વસ્તુઓની રેકસ લોડ કરીને મંડળે વધારાની આવક હાંસલ કરી.

પાર્સલ અને લીઝિંગ ક્ષેત્રમાં નવી સિદ્ધિઓ

પાર્સલ તથા લીઝિંગ ક્ષેત્રમાં પણ અમદાવાદ મંડળે બહેતર પ્રદર્શન કર્યું.ઈ-ઓક્શન દ્વારા ૭ સંપત્તિઓને દીર્ઘકાલીન તથા ૧ સંપત્તિને અલ્પકાલીન અવધિ માટે લીઝ પર આપવામાં આવી જેનાથી ₹૩.૫૨ કરોડની આવક સુનિશ્ચિત થઈ. આ ઉપરાંત, રેપિડ કાર્ગો સેવા અંતર્ગત ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫થી કાંકરિયા ગુડ્સ શેડથી સંક્રેલ ગુડ્સ ટર્મિનલ યાર્ડ (પશ્ચિમ બંગાળ) વચ્ચે નવી ટાઈમટેબલ પાર્સલ ટ્રેન સેવા શરૂ કરવામાં આવી. આ સેવા દર રવિવારે ઉપલબ્ધ છે. અત્યાર સુધી બે ટ્રિપ્સ સંચાલિત કરવામાં આવી છે, જેમાં કુલ ૫૧૦.૫૯ ટન માલનું પરિવહન કરી ₹૨૭.૬૬ લાખની રાજસ્વ મેળવવામાં આવી.

બિનભાડા આવકમાં નવીનતા અને વૃદ્ધિ

બિનભાડા આવક ક્ષેત્રમાં પણ અમદાવાદ મંડળે નવીનતા અને યોજનાબદ્ધ પ્રયત્નો દ્વારા વૃદ્ધહઈ નોંધાવી છે. સ્ટેશનો તથા ટ્રેનોમાં જાહેરાતના કરારોથી આવકમાં વધારો થયો. મહેસાણા સ્ટેશન પર “રેલ કોચ રેસ્ટોરન્ટ” જેવી નવીન વિચારધારાને સફળતાપૂર્વક અમલમાં મૂકીને ₹૧.૦૭ કરોડનો કરાર મેળવવામાં આવ્યો.

યાત્રી સેવાઓ, ટિકિટ ચેકિંગ અને વિશેષ પહેલ

યાત્રી સેવાઓ તથા ટિકિટ ચેકિંગ ક્ષેત્રમાં પણ અમદાવાદ મંડળે નોંધપાત્ર કામગીરી કરી છે. ટિકિટ ચેકિંગ દ્વારા ₹૧.૯૦ કરોડની આવક મેળવવામાં આવી. સાબરમતી સ્ટેશન પર મુસાફરોની સુવિધા માટે રેડિયો ટેક્સી (એપ આધારિત કેબ/ઓટો/બાઈક સેવા) કરારથી ₹૦.૫૦ કરોડની આવકની વ્યવસ્થા કરવામાં આવી. વિવિધ સ્ટેશનો પર વિશેષ ચેકિંગ અભિયાન ચલાવવામાં આવ્યા, જેમાં ૨૪૩૫થી વધુ અનિયમિત મુસાફરીના કેસોમાં ₹૧૬.૯૧ લાખનો દંડ વસૂલવામાં આવ્યો . તહેવારોને ધ્યાનમાં રાખીને ૪ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે તથા અનેક ટ્રેનોને નવા સ્ટોપ આપવામાં આવ્યા છે, જેથી મુસાફરોને વધુ સુવિધા મળી રહી છે.

# રાય યુનિવર્સિટીએ આરયુ “ ટી ક લ્મી આવૃત્તિમાં નેતૃત્વ અને AI “ રજૂ કર્યું




। અમદાવાદ, તા.૭ ।

ઈવોલ્વ, રાય યુનિવર્સિટી, અમદાવાદનું એકેડેમિક ક્લબ, સફળતાપૂર્વક આરયુ ટીએલની ૯મી આવૃત્તિ “ઈન્ટિગ્રેટેડ ટેક ઈન AI” વિષય પર આયોજિત કરી. આ પ્રસંગે વિશિષ્ટ મહેમાન તરીકે અવેંટમ ગ્રુપ, ઈંગ્લેન્ડના CTO શ્રી હસાની જેસ ઉપસ્થિત રહ્યા અને તેમણે સત્ર માટે મુખ્ય વક્તા તરીકે માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમની શરૂઆત રાય યુનિવર્સિટીના નવા સ્થાપિત ઈન્ક્યુબેશન સેન્ટર ના ઉદ્ઘાટનથી થઈ, જેનો હેતુ વિદ્યાર્થીઓમાં નવીનતા, ઉદ્યોગસાહસિકતા અને સંશોધન આધારિત પ્રોજેક્ટ પ્રોત્સાહિત કરવાનો છે. ઉદ્ઘાટન ભાષણ દરમિયાન શ્રી જેસે ઉદ્યોગોના તમામ ક્ષેત્રોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું વધતું મહત્વ ઉજાગર કર્યું અને શૈક્ષણિક સંસ્થાઓએ શિક્ષણ, વ્યવસાય અને નેતૃત્વ પ્રથાઓમાં AIના ઉપયોગને સમાવેશ કરવાનો ભાર મૂક્યો. તેમના જ્ઞાનસભર સત્ર દરમિયાન તેમણે સમજાવ્યું કે AI માત્ર એક સાધન નથી પરંતુ તેવા પરિવર્તનકારી બળ છે જે સમસ્યાઓના ઉકેલ, નિર્ણય લેવા અને સર્જનાત્મક વિચારોને વધારવામાં મદદરૂપ છે. તેમણે વધુમાં કહ્યું કે AI યુગમાં નેતૃત્વ માટે અનુકૂલનક્ષમતા, દૃષ્ટિ અને સહકાર જરૂરી છે, જેથી વિદ્યાર્થીઓ ઝડપથી બદલાતી વ્યવસાયિક દુનિયા માટે પોતાને તૈયાર કરી શકે. કાર્યક્રમનો સમાપન ઉત્સાહભેર ચર્ચા સાથે થયો, જેમાં વિદ્યાર્થીઓએ વિચારોને ઉકેલતા પ્રશ્નો પૂછીને સક્રિય ભાગ લીધો. કુલ મળીને, આરયુ ટીક ૯મી આવૃત્તિ એ વિદ્યાર્થીઓને નવીનતા, ટેકનોલોજી અને નેતૃત્વ સ્વીકારવા માટે પ્રેરણાદાયક મંચ પૂરું પાડ્યું.

# મોડાસામાં વકીલને માર મારવાના મુદ્દે PSI અને અન્ય કર્મીઓ સામે ફરિયાદ નોંધાઈ

। (માહિતી) ભિલોડા, તા.૭ ।

મોડાસામાં ત્રણ દિવસ પહેલાં વકીલ પર પોલીસ દ્વારા કરાયેલા હુમલા મામલે આખરે મોડાસા ટાઉન પ ોલીસ મથકના પીએસઆઈ અને અન્ય કર્મીઓ સામે ગુનો નોંધાયો છે. વકીલે પોતાની સાથે મારપીટ કરવી, મોબાઈલ ઝૂંટવી લેવો તેમજ ધમકી આપવી જેવા આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવી છે.ગત બીજી ઓક્ટોબરે વકીલ ગોપાલ ભરવાડ પોતાના અસીલની ફરિયાદ નોંધાવવા માટે પોલીસ સ્ટેશને ગયા હતા જ્યાં અસીલન કહેવા મુજબ ફરિયાદ ન નોંધતાં સ્ટેટ પોલીસ ફરિયાદ પર ફોન કરી રજૂઆત કરી હતી. તેમજ વકિલે કહ્યું હતું કે, આ વ્યક્તિ જે પ્રમાણે કહે તેમ ફરિયાદ નોંધી લો. તે પછી પીએસઆઈ પી.પી ડાભી વકિલને ગ્રાઉન્ડફલોર પરની છેલ્લી રૂમમાં લઈ ગયા હતા. જ્યાં અન્ય ચાર પોલીસ કર્મીઓ આવ્યા હતા અને વકિલને માર માર્યો હતો. જેનો વીડિયો વકીલના મિત્રએ બનાવ્યો હતો. જોકે, પોલીસે આ વીડિયો ડિલિટ કરી દીધો હતો. ઈજાગ્રસ્ત ગોપાલ ભરવાડને હોસ્પિટલમાં ખસેડાયો હતો. અરવલ્લી બાર એસોસિયેશને આ ઘટનાના વિરોધમાં કોર્ટ પરિસરમાં નારાજગી વ્યક્ત કરી અને કામકાજ બંધ રાખી વિરોધ દર્શાવ્યો હતો. બાર એસોસિયેશને આરોપી પોલીસકર્મીઓ સામે કડક પગલા લેવાની માગણી કરી હતી. અંતે ત્રણ દિવસની ચર્ચા અને વિરોધ બાદ આખરે પીડિત વકીલ દ્વારા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં મામલો ગંભીર વળાંક પર ગયો છે.

# ડેપ્યુટી ઈજનેરના એજન્ટ નાના કોન્ટ્રાક્ટરોને હેરાન કરતા હોવાનો આક્ષેપ

## સામી દિવાળીએ આ પ્રકારની ફરિયાદ પાલિકામાં ચર્ચાનો વિષય બની છે

। (માહિતી) સુરત, તા.૭ ।

સુરતની અન્ય સરકારી કચેરીમાં એજન્ટ રાજની ફરિયાદ હતી. તો હવે પાલિકાના લિંબાયત ઝોનમાં પણ એજન્ટ રાજ ચાલતું હોવાની ફરિયાદ થઈ છે. મ્યુનિ. કમિશનરને ફરિયાદના નામ વિના લેખિત ફરિયાદ કરવામાં આવી છે નામ વિના મ્યુનિ. કમિશ્નરને થયેલી ફરિયાદમાં ઝોનના ડેપ્યુટી ઈજનેરે માનિતા કોન્ટ્રાક્ટરને સાચવવા માટે અન્ય કોન્ટ્રાક્ટરોને એજન્ટ મારફતે હેરાન કરતા હોવાની ફરિયાદ થઈ છે. સામી દિવાળીએ આ પ્રકારની ફરિયાદ પાલિકામાં ચર્ચાનો વિષય બની છે. સુરત પાલિકા સહિત શહેરમાં અનેક કચેરીઓમાં લાંચીયા કર્મચારીઓની સંખ્યા વધી રહી છે અને તેના માટે એસીબી ટ્રેપ થઈ રહી છે. આ વાત વચ્ચે સુરત મ્યુનિ. કમિશનરને નામ વિનાની લેખિત ફરિયાદ થઈ છે. જેમાં જણાવ્યું છે કે, લિંબાયત ઝોનમાં બાર લાખ સુધીના કોન્ટ્રાક્ટરો છીએ. ઝોનના વાય.સી.દેસાઈ ડેપ્યુટી ઈજનેર છે તેઓએ ફિરોજ, અફઝલ અને પરવાના નામના એજન્ટ રાખ્યા છે. આ એજન્ટ ડે. ઈજનેરના માનિતા ન હોય તેવા કોન્ટ્રાક્ટરને હેરાન કરી રહ્યાં છે. આ હેરાનગતિ દુર કરવા માટે તપાસ કરવાની માંગણી કરી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો. ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે.

**કર્ક (ડ,હ) :**
આજે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. આજે તમે તમારા પ્રયપાત્રના હૃદયના ધહકારા સાથે સાથે મિલાવશો. હા, તમે પ્રેમમાં છો તેની જ આ નિશાની છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે.

**તુલા (ર,ત) :**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. ચેતતા રહેજો કોઈક તમારી સાથે ખોટી પ્રણયચેષ્ટાઓ કરશે. વ્યાપારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે અને તમે સાથે મળીને અધૂરાં કાર્યો પૂરાં કરશો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો. તમારૂં નાનકડું પગલું તેમનો ઉત્સાહ વધારશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે.

**મકર (ખ,જ) :**
આજે માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દૃઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. સાંજે બાળકો સાથે થોડો આનંદદાયક સમય વિતાવજો. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે. તમારી આસાપાસ શું થાય છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. એવા લોકો કે જેઓ અત્યાર સુધી એકલા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે તમારા ઓફિસમાં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે.

## પ્રધાનમંત્રી સેબેસ્ટિયન લેકોર્નૂએ આપ્યું રાજીનામું

। (એજન્સી) ફ્રાન્સ, તા.૭ ।

ફ્રાન્સમાં એક મોટી રાજકીય ઉથલપાથલ થઈ છે. પ્રધાનમંત્રી સેબેસ્ટિયન લેકોર્નુએ તેમના પદ પરથી રાજીનામું આપ્યું છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ કાર્યાલયે સેબેસ્ટિયનના રાજીનામાની પુષ્ટિ કરી છે. લેકોર્નુએ એક દિવસ પહેલા જ તેમના મંત્રીમંડળની જાહેરાત કરી હતી અને એક મહિના કરતા પણ ઓછા સમય માટે તેઓ પદ પર રહ્યા હતા. ફ્રેન્ચ રાષ્ટ્રપતિ કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને લેકોર્નુનું રાજીનામું સ્વીકાર્યું છે. લેકોર્નુ એક વર્ષમાં ફ્રાન્સના ચોથા વડા પ્રધાન બન્યા તેમના પુરોગામી ફ્રાંસ્વા બાયરુનું સ્થાન લીધું. ફ્રાન્સમાં રાજકીય સંકટ ઓછુ થવાના કોઈ સંકેત દેખાતા નથી. ફ્રાન્સના નવા પ્રધાનમંત્રી સેબેસ્ટિયન લેકોર્નુએ સોમવારે રાજીનામું આપ્યું, તેમના નવા મંત્રીમંડળની નિમણૂક કર્યાના થોડા કલાકો પછી. સાથી પક્ષો અને વિરોધીઓ બંને તરફથી તેમની સરકાર ઉથલાવી પાડવાની ધમકીઓ વચ્ચે તેમણે રાજીનામું આપ્યું હોવાના અહેવાલ છે. રાજકીય વર્તુળોમાં લેકોર્નુની મંત્રી પસંદગીની ટીકા થઈ હતી ખાસ કરીને ભૂતપૂર્વ નાણામંત્રી બ્રુનો લે મેયરને સંરક્ષણ મંત્રાલયમાં પાછા લાવવાના તેમના નિર્ણયની. અગાઉના મંત્રીમંડળમાંથી અન્ય મુખ્ય હોદ્દાઓ મોટાભાગે યથાવત રહ્યા. રૂઢિચુસ્ત બ્રુનો રિતાઈલો આંતરિક મંત્રી બની રહ્યા, જે પોલીસ અને આંતરિક સુરક્ષાના પ્રભારી હતા.

## અમેરિકામાં ગુજરાતીએ કર્યું મસમોટું ફાર્મસી કૌભાંડ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકામાં એક ગુજરાતીએ કલ્પના કરી શકાય તેવું કૌભાંડ આચર્યું છે. ફાર્મસી કંપની ચલાવતા સુભાષ પટેલે ૨૦ લાખ ડોલરની મસમોટી રકમનું કૌભાંડ કર્યું. જેથી આ ગુજરાતી પર મોટી કાર્યવાહી કરવામાં આવી છે. સુભાષ પટેલની ફાર્મસી કંપની ૨ મિલિયન ડોલરની રકમ સરકારને કરશે. પ્રાપ્ત માહિતી અનુસાર, આરોપી સુભાષ પટેલ સુનિલ ફાર્મસી નામની કંપનીનો માલિક છે. તે ઉત્તરી લિબર્ટીઝમાં હાસમેન ફાર્મસી ચલાવે છે. તેની કંપનીએ મેડિકેડક અને મેડિકેસમાં મોટી છેતરપીંડી કરી હોવાનું ખૂલ્યું છે. રાજ્યના એટર્ની જનરલે તેમને દોષિત ઠેરવ્યા છે. સુભાષ પટેલ પર કડક કાર્યવાહી કરતા, તેના ફાર્મસીને કોઈ પણ પ્રકારની મેડિકલ સુવિધા આપવા પર પાંચ વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેનું લાઈસન્સ ૫ વર્ષ માટે સસ્પેન્ડ કરાયું છે. સ્ટેટના એટર્ની જનરલે જણાવ્યું છે, તેમણે એમ પણ કહ્યું હતું કે આ ફર્મે પેશન્ટ્સને ખતરામાં મૂકવાની સાથે કાયદાનો ભંગ કરી આર્થિક લાભ મેળવવા માટે આ કાંડ કર્યો હતો. સુભાષ પટેલની ફાર્મસી દ્વારા દર્દીઓને વેચવામાં આવતી HIV દવાઓ યોગ્ય રીતે માન્ય અને અસુરક્ષિત ન હોવા છતાં, તેમણે દવાઓ વેચીને નફો કર્યો. કારણ કે અધિકૃત વિક્રેતાઓ પાસેથી ખરીદેલી દવાઓ વધુ મોંઘી હોય છે. તેના પર માર્જિન ઓછું હોય છે. જ્યારે અનધિકૃત માધ્યમો દ્વારા ખરીદેલી દવાઓનું માર્જિન વધારે હોય છે. જેના કારણે સુભાષ પટેલે આ યુક્તિ રમી હોય તેવું શક્ય બને છે.

### ઉમરાહ અંગે સાઉદી સરકારનો મોટો નિર્ણય

# હવે ટૂરિસ્ટ, પર્સનલ અને વર્ક વીઝા ધરાવતા લોકો પણ ઉમરાહ કરી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

સાઉદી અરબમાં હજ અને ઉમરાહ મંત્રાલયે મોટો નિર્ણય લીધો છે. મંત્રાલયે કહ્યું કે, હવે દરેક પ્રકારના વિઝા ધારક સાઉદી અરબમાં ઉમરાહ કરવા માટે જઈ શકશે.

એટલે કે, હવે ટૂરિસ્ટ, પર્સનલ અને વર્ક વીઝા ધરાવતા લોકો પણ ઉમરાહ કરી શકે છે. આ નિર્ણય ખાસ કરીને ભારતીય મુસલમાનો માટે રાહત આપનારો સાબિત થશે. સાઉદી અરેબિયામાં કામ કરતા વિદેશી નાગરિકોમાં ભારતીયો મોટી સંખ્યામાં છે. પરિણામે, કામ અથવા અન્ય વિઝા પર સાઉદી અરેબિયા જતા ભારતીય મુસ્લિમો પણ હવે ઉમરાહ કરી શકશે.

સાઉદી પ્રેસ એજન્સીના રિપોર્ટ પ્રમાણે, મંત્રાલયે જણાવ્યું હતું કે, આ પગલું ઉમરાહ કરનારા યાત્રાળુઓ માટે પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા અને હજ અને ઉમરાહ સિસ્ટમ અંતર્ગત સેવાઓ સુધી પહોંચ વધારવાના ચાલુ પ્રયાસોનો એક ભાગ છે. આ પગલું મોહમ્મદ બિન સલમાનના સાઉદી વિઝન ૨૦૩૦ ના લક્ષ્યો સુધી પહોંચવા માટે છે. હજ મંત્રાલયે આપેલા નિવેદન પ્રમાણે 'ઉમરાહ વિઝામાં વ્યક્તિગત અને પારિવારિક મુલાકાત વિઝા, ઈલેક્ટ્રોનિક ટૂરિસ્ટ વિઝા, ટ્રાન્ઝિટ વિઝા, વર્ક વિઝા અને અન્ય વિઝાનો સમાવેશ થાય છે.' આ નિર્ણયથી વિશ્વભરના મુસ્લિમોને તેમની ધાર્મિક વિધિઓ સરળતાથી અને શાંતિથી કરવા સક્ષમ બનાવવા માટે સાઉદી અરેબિયાનું મહત્ત્વનું પગલું માનવામાં આવે છે.




### શાંતિ જાળવવા અપીલો

# કટકમાં ભારેલો અગ્નિ : ઈન્ટરનેટ પર પ્રતિબંધ બાદ હવે ૩૬ કલાકનું કરફ્યું

### હાટી પોખરી વિસ્તારમાં વિસર્જન શોભાયાત્રા દરમિયાન મોટા અવાજમાં સંગીત વગાડવાને કારણે હિંસા થઈ હતી

। (એજન્સી) કટક, તા.૭ ।

ઓડિશાના કટક શહેરમાં દુર્ગા પૂજાની મૂર્તિઓના વિસર્જન દરમિયાન બે સમુદાયો વચ્ચે થયેલી હિંસક અથડામણ બાદ તંગદિલી વધી છે. પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે વહીવટીતંત્ર દ્વારા શહેરમાં ૩૬ કલાકનો કરફ્યુ લાદવામાં આવ્યો છે. ભારતીય દંડ સંહિતાની કલમ ૧૬૩ હેઠળ આ કરફ્યુ છઠ્ઠી ઓક્ટોબરના રોજ રાત્રે ૧૦ વાગ્યાથી સાતમી ઓક્ટોબરના રોજ સવારે ૧૦ વાગ્યા સુધી અમલમાં રહેશે. અહેવાલો અનુસાર, શુક્રવારે (ત્રીજી ઓક્ટોબર) રાત્રે હાટી પોખરી વિસ્તારમાં વિસર્જન શોભાયાત્રા દરમિયાન મોટા અવાજમાં સંગીત વગાડવાને કારણે હિંસાની શરૂઆત થઈ હતી. જો કે, રવિવારે VHPની મોટરસાયકલ રેલીએ વહીવટી આદેશોનો ભંગ કરતા ફરી હિંસા ભડકી ઊઠી હતી. જ્યારે સુરક્ષા કર્મચારીઓએ રેલીને રોકવાનો પ્રયાસ કર્યો, ત્યારે વિરોધીઓ હિંસક બન્યા હતા. ટોળાએ પથ્થરમારો કર્યો, આગચંપી કરી અને દુકાનો તેમજ સીસીટીવી કેમેરાને નુકસાન પહોંચાડ્યું. પોલીસે પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે રબર બુલેટ અને ટીયર ગેસનો ઉપયોગ કરવો પડ્યો હતો. આ અથડામણમાં આઠ પોલીસકર્મીઓ સહિત કુલ ૨૫ લોકો ઘાયલ થયા છે. પોલીસ કમિશનર નરસિંહ ભોલાએ કરફ્યુના નિયમોની સ્પષ્ટતા કરી છે. કરફ્યુ દરમિયાન તમામ વ્યાપારી સંસ્થાઓ બંધ રહેશે. જોકે, આવશ્યક સેવાઓ જેમ કે હોસ્પિટલો, શાળાઓ, કોલેજો, ફાર્મસીઓ, કરિયાણાની દુકાનો અને પેટ્રોલ પંપ ખુલ્લા રહેશે. કરફ્યુથી પ્રભાવિત મુખ્ય વિસ્તારોમાં દરગાહ બજાર, મંગલાબાગ, પુરીઘાટ, લાલ બાગ અને જગતપુરનો સમાવેશ થાય છે. કટકમાં શાંતિ જાળવવા માટે ૬૦ પોલીસની ટીમ તહેનાત કરવામાં આવી છે. સંવેદનશીલ સ્થળો અને આંતરછેદો પર રેપિડ એક્શન ફોર્સ (RAF), BSF, CRPF અને ઓડિશા સ્વિફ્ટ એક્શન ફોર્સની આઠ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે.



હરિદ્વારના હર-કી-પૌરી ખાતે, દિવાળી પહેલા પાણી પુનઃસ્થાપિત થવા સાથે, સફાઈ માટે સુકાઈ ગયેલા ગંગા નહેર પરના પુલને લોકો પાર કરે છે.

## વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર બર્નાર્ડ જુલિયનનું ૭૫ વર્ષની વયે નિધન

। (એજન્સી) જમૈકા, તા.૭ ।

વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર બર્નાર્ડ જુલિયનનું ૭૫ વર્ષની વયે ત્રિનિદાદના ઉત્તરીય શહેર વાલસેનમાં અવસાન થયું છે. જુલિયન ૧૯૭૫માં પ્રથમ વર્લ્ડ કપ જીતનાર વેસ્ટ ઈન્ડિઝ ટીમનો ભાગ હતા. તેમણે તેમની કારકિર્દી દરમિયાન ૨૪ ટેસ્ટ અને ૧૨ ODIમાં કેરેબિયનનું પ્રતિનિધિત્વ કર્યું. તેમણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૬૮ વિકેટ લીધી અને ૯૫૨ રન બનાવ્યા હતા. જુલિયને ૧૯૭૫ના પ્રથમ ODI વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કર્યું. તેમણે શ્રીલંકા સામે ૨૦ રન આપીને ચાર વિકેટ લીધી, ત્યારબાદ સેમિફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે ઘાતક બોલિંગ કરચા ૨૭ રન આપીને ૪ વિકેટ લીધી હતી. તેમણે ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે ૩૭ બોલમાં ૨૬ રનની ઉપયોગી ઈનિંગ રમી. આ ટુર્નામેન્ટે તેમને એક ખતરનાક ઓલરાઉન્ડર તરીકે સ્થાપિત કર્યા, તેઓ સીમ બોલિંગ, આક્રમક બેટિંગ અને ચપળ ફિલ્ડિંગ માટે જાણીતા છે. વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ કેપ્ટન ક્લાઈવ લોયડે તેમને યાદ કરતા કહ્યું, "તેમણે હંમેશા પોતાનું 100 ટકા આપ્યું. તેઓ બેટ અને બોલ બંનેથી વિશ્વસનીય હતા. તેમણે દરેક મેચમાં પોતાનું સર્વસ્વ આપ્યું. તેઓ એક શાનદાર ક્રિકેટર હતા."

### USમાં ભારતના ગુકેશનું અપમાન

# જીત બાદ હિકારુ નાકામુરાનું અસભ્ય વર્તન, સોશિયલ મીડિયામાં ભારે ટ્રોલિંગ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

યુએસએએ ભારત સામે ચેસની ચેકમેટ ઈવેન્ટમાં ૫-૦થી શાનદાર જીત મેળવી. આ જીતમાં ગ્રાન્ડમાસ્ટર હિકારૂ નાકામુરાએ વિશ્વ ચેમ્પિયન ડી. ગુકેશને હરાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. જોકે, અમેરિકાના આર્લિંગ્ટનમાં રમાયેલી આ પહેલી ઈવેન્ટમાં જાપાનમાં જન્મેલા આ અમેરિકન ખેલાડીએ જીતની ઉજવણી જે રીતે કરી, તેનાથી એક મોટો વિવાદ ઊભો થયો છે. નાકામુરાએ ડી. ગુકેશને હરાવ્યા પછી તેમનો કિંગ ઉઠાવીને દર્શકો તરફ ફેંકી દીધો. તેમની આ હરકત પર સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. ઘણા લોકોએ તેને અપમાનજનક ગણાવ્યું, જ્યારે કેટલાક લોકોએ તેને તેમના જશ્નનો એક ભાગ ગણાવ્યો. નાકામુરાના આ પગલાનો વીડિયો થોડી જ મિનિટોમાં સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે જ્યારે ગ્રાન્ડમાસ્ટર હિકારૂ નાકામુરાએ ગુકેશનો કિંગ દર્શકો તરફ ફેંક્યો, ત્યારે ગુકેશ મેચ પૂરી થયા પછી ચેસના મોહરાને પાછા પોતાની જગ્યાએ ગોઠવતા જોવા મળ્યા, જેના માટે તેમને દુનિયાભરના લોકો તરફથી સન્માન મળી રહ્યું છે. ડી. ગુકેશ પર જીત મેળવ્યા બાદ નાકામુરાએ કહ્યું હતું કે, હું જીતી રહ્યો હતો, દર્શકો પણ આ વાત જાણતા હતા, તેથી જ્યારે શોર થયો ત્યારે હું ખૂબ ખુશ હતો! મેચમાં ઘણી તણાવપૂર્ણ ક્ષણો જોવા મળી હતી અને બંને ટીમના ખેલાડીઓ પાસે જીતની તકો હતી, પરંતુ યુએસએએ અંતિમ ક્ષણોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને તમામ મુકાબલા પોતાના નામે કર્યા.




### વિરાટ કોહલી વિશે વાત કરતાં સૂર્યકુમાર યાદવે કહ્યું કે, મને લાગે છે કે વિરાટ ખૂબ જ હાર્ડ ટાસ્કમાસ્ટર છે

# હું ક્યારેય ધોનીના નેતૃત્વમાં રમ્યો નથી તેનો પસ્તાવો રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારતીય ટી૨૦ ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવે પોતાના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કરિયર અંગે એક મોટો ઘટસ્ફોટ કર્યો છે. તેણે કહ્યું છે કે, મને આખી જિંદગી પસ્તાવો રહેશે, કારણ કે હું ક્યારેય મહેન્દ્ર સિંહ ધોનીના નેતૃત્વમાં રમ્યો નથી. વર્ષ ૨૦૧૦માં ઘરેલુ ક્રિકેટમાં પ્રવેશ કર્યા બાદ એક દાયકાથી વધુ સમયની રાહ જોયા પછી સૂર્યકુમારને ૨૦૨૧માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તક મળી હતી, પરંતુ તે સમય સુધીમાં ધોનીએ નિવૃત્તિ લઈ લીધી હતી. હાલમાં તે પોતે ટી૨૦ ટીમના કેપ્ટન છે, પરંતુ તેને ધોનીની કેપ્ટનશીપ હેઠળ ન રમવાનો અફસોસ છે. એક ઈન્ટરવ્યુમાં સૂર્યકુમાર યાદવે ધોનીને યાદ કરતા કહ્યું કે, સૌ પ્રથમ મને એમ.એસ. ધોની યાદ આવે છે. જ્યારે તે ભારતના કેપ્ટન હતા ત્યારે હું હંમેશા તક મેળવવા માંગતો હતો, પરંતુ મને ક્યારેય તક મળી નહીં. જ્યારે પણ હું તેમની સામે રમતો હતો, ત્યારે મેં તેને સ્ટમ્પ પાછળ જોયા હતા. તેનો સ્વભાવ ખૂબ જ શાંત છે. તેની સામે રમતી વખતે મેં તેની પાસેથી એક વાત શીખી છે કે દરેક દબાણની પરિસ્થિતિમાં શાંત રહેવું. તે રમતની આસપાસ જુએ છે, શું થઈ રહ્યું છે તે જુએ છે અને પછી નિર્ણય લે છે. સૂર્યકુમારે વિરાટ કોહલીની કેપ્ટનશીપ હેઠળ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો. તેણે કોહલી વિશે વાત કરતાં કહ્યું કે, મને લાગે છે કે વિરાટ ખૂબ જ હાર્ડ ટાસ્કમાસ્ટર છે. તે તમારી મર્યાદાઓને આગળ ધપાવે છે અને શ્રેષ્ઠ ઈચ્છે છે. મારો મતલબ છે કે, બધા કેપ્ટન ખેલાડીઓ પાસેથી શ્રેષ્ઠની અપેક્ષા રાખે છે, પરંતુ તે મેદાન પર અને બહાર ઊર્જાથી ભરપૂર હતો. રોહિત શર્મા સાથે IPL ફ્રેન્ચાઈઝી અને ભારતીય ટીમમાં લાંબો સમય રમવા વિશે તેણે કહ્યું કે, રોહિત ભાઈ એક એવો ખેલાડી છે જે દરેકને પોતાની આસપાસ આરામદાયક અનુભવ કરાવે છે. તે બધા યુવાનો માટે પ્રેરણારૂપ છે. તેના દરવાજા ૨૪/૭ દરેક માટે ખુલ્લા હતા.

# બ્રહ્મોસ કરતાં ઘાતક ધ્વનિ મિસાઈલ તૈયાર કરાઈ

### મિસાઇલ લગભગ ૭,૪૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉડશે બ્રહ્મોસ મિસાઇલ કરતાં વધુ ઝડપી અને તેની રેન્જ લાંબી હશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।



ભારત તેની હાઈપરસોનિક શસ્ત્રોની દોડમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) ધ્વની નામની નવી પેઢીની મિસાઈલનું પરીક્ષણ માટેની તૈયારી કરી રહ્યું છે. આ મિસાઈલ લગભગ ૭,૪૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉડશે. ભારત- રશિયનની બ્રહ્મોસ મિસાઈલ કરતાં વધુ ઝડપી અને તેની રેન્જ લાંબી હશે. જેના માટે ૨૦૨૫ ના અંત સુધીમાં પહેલું પ્રદર્શન પરીક્ષણ થઈ શકે છે. આ ભારતની ઝડપી હુમલો કરવાની ક્ષમતાને મજબૂત બનાવશે. ધ્વનિ DRDO ના હાઈપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હીકલ (HSTDV) પ્રોગ્રામ પર આધારિત છે. ૨૦૨૦ માં, HSTDV એ સ્ક્રેમજેટ એન્જિનનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ધ્વની એક હાઈપરસોનિક ગ્લાઈડ વ્હીકલ (HGV) છે, જે બેલિસ્ટિક બૂસ્ટરથી ઊંચાઈ સુધી પહોંચે છે અને પછી હવામાં ગ્લાઈડ કરે છે. ગતિ અને રેન્જઃ અવાજની ગતિથી છ ગણી ઝડપી. આ દુશ્મનોને પ્રતિક્રિયાનો ઓછો સમય આપે છે. ઉપયોગોઃ સામાન્ય અને રણનીતિક હુમલા માટે. તે દુશ્મનના પ્રદેશમાં ઊંડે સુધી ચોકસાઈપૂર્વક પ્રહારો કરશે. પ્રગતિઃ ડીઆરડીઓએ હાલમાં જ સ્ક્રેમજેટનું લાંબા અંતરનું પરીક્ષણ કર્યું છે, જે હાઈપરસોનિક પ્રોપલ્શન માટેનું એક મોટું પગલું છે. આ મિસાઈલ હવા, સમુદ્ર અને જમીન પરથી છોડી શકાય છે. તેની રેન્જ ૧,૫૦૦ કિલોમીટર સુધીની છે. એરોનોટિકલ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર (ARDC) અને ડિફેન્સ મેટલર્જિકલ રિસર્ચ લેબોરેટરી (DMRL) દ્વારા વિકસાવવામાં આવી છે, તેમાં હીટ- રેઝિસ્ટેંટ સિરામિક્સ અને ઉચ્ચ તાપમાનનો સામનો કરવા માટે કોટિંગ્સ છે. બ્રહ્મોસ ભારત-રશિયનની સંયુક્ત મિસાઈલ છે.

### સારવારનો નવો માર્ગ ખોલશે

# આર્થરાઈટિસ, ડાયાબિટીસની સારવારની શોધ કરનારા વૈજ્ઞાનિકોને નોબેલ ચિકિત્સા પુરસ્કાર એનાયત

### પુરસ્કાર માટે અમેરિકાના મેરી ઇ. બ્રંકો, ફ્રેડ રામ્સડેલ અને જાપાનના શિમોન સકાગુચીને જાહેર કરવામાં આવ્યા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।




૨૦૨૫નો નોબેલ પુરસ્કાર ફિઝિયોલોજી અથવા મેડિસિન (તબીબીશાસ્ત્ર) માટે અમેરિકાના મેરી ઈ. બ્રંકૉ, ફ્રેડ રામ્સડેલ અને જાપાનના શિમોન સકાગુચીને જાહેર કરવામાં આવ્યો છે. આ પુરસ્કાર તેમને પેરીફેરલ ઈમ્યુન ટૉલરન્સ (શરીરના બાહ્ય ભાગોમાં રોગપ્રતિકારક શક્તિની સહનશીલતા) અંગેની ક્રાંતિકારી શોધ માટે આપવામાં આવ્યો છે. સ્ટૉકહોમની કારોલિન્સ્કા ઈન્સ્ટિટ્યૂટે જાહેર કર્યું કે આ શોધ ઑટોઈમ્યુન રોગો (જેમ કે સંધિવા, ટાઈપ-૧ ડાયાબિટીસ અને લ્યુપસ)ની સારવારનો નવો માર્ગ ખોલશે. આપણી ઈમ્યુન સિસ્ટમ (રોગપ્રતિકારક શક્તિ) વાયરસ અને બૅક્ટેરિયા સામે રક્ષણ આપે છે, પરંતુ જ્યારે તે ભૂલથી પોતાના જ અંગો પર હુમલો કરે, ત્યારે તેને ઑટોઈમ્યુન બીમારી કહેવાય છે. વૈજ્ઞાનિકોની આ નવી શોધ દર્શાવે છે કે, સેન્ટ્રલ ટૉલરન્સ ઉપરાંત, શરીરના બાહ્ય ભાગો (પેરીફેરલ) માં પણ એક નિયંત્રણ તંત્ર કામ કરે છે. ૧૯૯૦ના દાયકામાં શરૂ થયેલી આ શોધમાં રેગ્યુલેટરી ટી સેલ્સ (Tregs) નામક કોષોની ઓળખ થઈ, જે ઈમ્યુન સિસ્ટમને નિયંત્રિત કરીને (બ્રેક લગાવીને) અંગોને સુરક્ષિત રાખે છે. આ ્રીક્નિજની નબળાઈથી જ અંગો પર હુમલો થાય છે. આ શોધ ઑટોઈમ્યુન રોગો, કેન્સર, ટ્રાન્સપ્લાન્ટ અને એલર્જીની સારવારમાં મદદરૂપ થશે. શિમોન સકાગુચીને રેગ્યુલેટરી ટી સેલ્સની શોધ માટે ઓળખવામાં આવે છે. ૧૯૯૫માં, તેમણે દર્શાવ્યું કે CD4+ CD25+ કોષો ઈમ્યુન સિસ્ટમને દબાવે છે. આ કોષો શરીરને પોતાના જ પેશીઓ (ટીશ્યુ) સામે લડતા અટકાવે છે. સકાગુચીની શોધથી જાણવા મળ્યું કે Tregs ઈમ્યુન ટૉલરન્સ જાળવી રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. તેમના કાર્યએ ઑટોઈમ્યુન રોગોની સમજ બદલી નાખી. આજે Tregsને એન્જિનિયર કરીને દવાઓ બનાવવામાં આવી રહી છે. મેરી બ્રંકૉ અને ફ્રેડ રામ્સડેલે FOXP3 (ફૉક્સપી૩) જીનની શોધ કરી, જે Tregs કોષોનું માસ્ટર સ્વિચ છે. ૨૦૦૧માં, તેમણે શોધી કાઢ્યું કે FOXP3 માં મ્યુટેશન (જનીન પરિવર્તન) થવાથી IPEX સિન્ડ્રોમ થાય છે – એક દુર્લભ બીમારી જેમાં બાળકની ઈમ્યુન સિસ્ટમ પોતાના જ શરીર પર હુમલો કરે છે. તેનાથી બાળરોગ, ડાયાબિટીસ અને આંતરડાની સમસ્યાઓ થાય છે. તેમના કાર્યએ સાબિત કર્યું કે FOXP3 Tregs કોષોને સક્રિય રાખે છે. આ શોધ પેરીફેરલ ઈમ્યુન ટૉલરન્સને સમજવામાં એક સીમાચિહ્નરૂપ સાબિત થઈ. આ ત્રણેયે સાથે મળીને દર્શાવ્યું કે સેન્ટ્રલ ટૉલરન્સ ઉપરાંત પેરીફેરલ ટૉલરન્સ પણ જરૂરી છે. તેમની શોધો હવે દવાઓમાં ઉપયોગમાં લેવાઈ રહી છે, જેમ કે ઑટોઈમ્યુન બીમારીઓ માટે Tregs થેરાપી. આ પુરસ્કાર ઑટોઈમ્યુન બીમારીઓ સામે ઝઝૂમી રહેલા કરોડો લોકો માટે આશાનું કિરણ છે.

### એશિયન બેંકના અર્થશાસ્ત્રીએ આપી ચેતવણી

# કોરોના વાયરસથી પણ વધુ ખતરનાક છે યુએસ ટેરિફ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી લગાવવામાં આવેલો ટેરિફ કોરોના મહામારીથી પણ વધુ ખતરનાક છે. આ વાત એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક (AIIB)ના મુખ્ય અર્થશાસ્ત્રી એરિક બર્ગલોફે કહી છે. તેમણે કહ્યુ કે અમેરિકાના ટેરિફે કોવિડ મહામારી કે વૈશ્વિક નાણાકીય કટોકટીથી પણ વધુ અનિશ્ચિતતાનું ઉભી કરી છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથેના એક ઈન્ટરવ્યુ અનુસાર, તેમનું માનવું છે કે વૈશ્વિક સપ્લાય ચેઈન યથાવત રહેશે. એરિક બર્ગલોફે સમજાવ્યું કે ટેરિફથી વિશ્વભરમાં નોંધપાત્ર અનિશ્ચિતતા ઉભી થઈ છે. જેની અસર દરેક દેશમાં દેખાઈ છે. કમનસીબે, ભારત સૌથી વધુ અસરગ્રસ્ત દેશોમાંનો એક છે. આ નીતિગત અનિશ્ચિતતાનું આ પહેલા ક્યારેય જોવા મળી નથી. આ COVID-19 મહામારી અને વૈશ્વિક નાણાકીય કટોકટી કરતાં પણ મોટી છે. તેમણે કહ્યું કે આનાથી રોકાણ અને વેપાર પર નોંધપાત્ર ખર્ચ થશે. તેની આર્થિક વૃદ્ધિ પર પણ નોંધપાત્ર અસર પડશે. કેટલીક અનિશ્ચિતતા હવે હળવી થઈ રહી છે, જે સારી વાત છે. પરંતુ આપણે હજુ લાંબી મજલ કાપવાની છે. અમેરિકા અને ચીન વચ્ચેના સંબંધો કેવા રહેશે તેની આગાહી કરવી ખૂબ મુશ્કેલ છે. બર્ગલોફે કહ્યું કે એક વાત સ્પષ્ટ છે, વિશ્વભરમાં ટેરિફ ખૂબ ઊંચા થઈ જશે. એરિક બર્ગલોફે સમજાવ્યું કે ચીનની સરકાર યુએસ ટેરિફનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર હતી. તેઓ તેની અપેક્ષા પણ રાખી રહ્યા હતા. બર્ગલોફે સમજાવ્યું કે ચીન પાસે અમુક ક્ષેત્રોમાં નોંધપાત્ર શક્તિ છે. આ શક્તિએ વાટાઘાટોને સંતુલિત કરવામાં મદદ કરી છે. તેમણે ચિંતા વ્યક્ત કરી કે કેટલાક લોકો ચીનને મૂલ્ય શૃંખલાઓમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેનો તેઓ વિરોધ કરે છે. બર્ગલોફે સમજાવ્યું કે ભારતમાં એવા કિસ્સાઓ બન્યા છે જ્યાં ચીન ખૂબ જ કઠિન વાટાઘાટોમાં સામેલ થયું છે. ચીન એ ખાતરી કરવા માંગે છે કે અમેરિકા અને વિવિધ દેશો વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટોની ચીન પર કોઈ અસર ન પડે. તેમણે કહ્યું કે "ચીના પ્લસ વન" પેટર્ન હજુ પણ સૌથી વધુ પ્રચલિત છે. આનો અર્થ એ છે કે કંપનીઓ ચીનમાં તેમજ અન્ય દેશમાં ઉત્પાદન કરી રહી છે. એરિક બર્ગલોફે કહ્યું કે ભારતને કેટલાક ખૂબ જ મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં ફાયદો થયો છે. ઉદાહરણ તરીકે, એપલ અને ફોક્સકોન દ્વારા કરવામાં આવેલ કાર્ય. ઘણી કંપનીઓ ભારતમાં આવી છે.

## તલોદમાં નકલી ચલણી નોટો છાપતા પિતા-પુત્ર ઝડપાયા

। (એજન્સી) હિંમતનગર, તા.૭ ।

સાબરકાંઠા જિલ્લા એસઓજીએ તલોદ શહેરની કબીર ટેકરીની બાજુમાં રહેતા એક પિતા-પુત્રને નકલી ચલણી નોટો છાપવાના મશીન સાથે ઝડપી લીધા હતા.પિતા-પુત્ર પાસેથી ૨૦૦ના દરની ૨૧૦ નકલી નોટો જપ્ત કરી પુછપરછ હાથ ધરતાં નકલી નોટો છાપવાના આ કૌભાંડમાં અન્ય બે જણા પણ સામેલ હોવાનું જણાવતાં પોલીસે ૪ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.સાબરકાંઠા એસઓજીને બાતમી મળી હતી કે તલોદ કબીર ટેકરી સ્મશાનની બાજુમાં આવેલા એક મકાનમાં નકલી નોટો છાપવામાં આવી રહી છે.

### પતિ-પુત્રના મોતની જાણકારી આપવા માટે

# તાંત્રિકે વિધિના બહાને વિધવાના ૧૪.૧૮ લાખ પડાવી લીધા

## યૂટ્યૂબ પર તાંત્રિકબાબા, બ્લેક મેજીક તાંત્રિક શીફલી, બાબા ગૂરુ પ્રતાપ શાહજીના વીડિયો જોઈને ફોન કર્યો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

શહેરમાંરહેતીએકમહિલાનેપતિઅનેપુત્રનામોતબાબતે જાણકારી મેળવવી હતી. યૂટ્યૂબ પર અઘોરીબાબા નામના પેજ થકી તેણે તાંત્રિકનો સંપર્ક કર્યો હતો. આથી અઘોરી બાબા અને મહિલા તાંત્રિકે કબ્રસ્તાનમાં કાળા નાગને માટલામાં મૂકીને પતિ અને દીકરાની આત્માને બોલાવવી પડશે અને નર બલિ આપવી પડશે તેવું કહીને વિધવા મહિલા પાસેથી કુલ રૂ. ૧૪.૧૮ લાખ પડાવી લીધા હતા. આખરે વિધવાનું કામ ન થતાં તેને છેતરપિંડી થઈ હોવાનો ખ્યાલ આવતા વેજલપુર પોલીસમાં બે વ્યક્તિ સામે ગુનો દાખલ કરાવ્યો છે. જુહાપુરાની ૪૧ વર્ષીય મહિલાના પતિ અને પુત્રનું ૨૦૨૪માં અવસાન થયું હતું. મહિલાએ યૂટ્યૂબ પર તાંત્રિક બાબા, બ્લેક મેજીક તાંત્રિક શીફલી, બાબા ગુરુ પ્રતાપ શાહજીના વીડિયો જોયા હતા. યૂટ્યૂબ પેજ પર નંબર આપ્યા હોવાથી મહિલાએ તેના પતિ અને દીકરાના મોત મામલે જાણકારી મેળવવા ફોન કર્યો હતો. મહિલાએ અઘોરી બાબા સાથે વાત કરતા તેણે તારા ઘરમાં કોઈએ તાંત્રિક વિદ્યા કરેલી છે જેને દૂર કરવા ૧૦ હજારની માગણી કરી હતી. મહિલાએ ઓનલાઈન નાણાં મોકલ્યા હતા. યુપીઆઈ આઈડી પર અઘોરી બાબાનું નામ રામ પ્રતાપ ભાર્ગવ હતું. રૂ. ૧૦ હજાર મેળવી લીધા બાદ અઘોરી બાબાએ તમારા પર કોઈએ અઘોરી વિદ્યા કરી હોવાથી મહિલા તાંત્રિક ગુરુ માતાની જરૂર પડશે તેમ કહીને બીજો એક નંબર આપ્યો હતો. સાથે જ મહાકાળી જ્યોતિષનું પેમ્ફલેટ મોકલ્યું હતું. અઘોરી બાબાએ આપેલા નંબર પર ફોન કરતા વિજેન્દ્રાદેવી નામની મહિલાએ વાત કરી હતી. બની બેઠેલી ગુરુમાતા એવી વિજેન્દ્રાદેવીએ તારી પર પણ કોઈએ મેલી વિદ્યા કરી હોવાથી તું પણ થોડા ટાઈમમાં મરી જઈશ તેવું કહીને મહિલાને ડરાવી હતી. બાદમાં, બચવા માટે તાંત્રિક વિધિ કરાવવી પડશે અને ૧.૭૩ લાખ આપવા પડશે તેમ કહીને વિધિ નહીં કરાવે અને રૂપિયા નહીં આપે તો તારું પણ મોત થઈ જશે તેવું કહીને મહિલાને ડરાવતા તેણે નાણાં આપ્યા હતા. ત્યારબાદ તારા પર કોઈએ વધારે મેલી વિદ્યા કરી હોવાથી વધુ વિધિઓ કરવી પડશે તેમ કહીને કુરિયર મારફતે વિધિનો સામાન મગાવ્યો હતો. રૂપિયા આપવા છતાંય કામ ન થતાં મહિલાએ ફરી અઘોરી બાબાને ફોન કર્યો હતો. ત્યારે અઘોરી બાબાએ તમારા કામમાં બહુ મોટી તકલીફ છે જેથી નાસિક ખાતે તાંત્રિક વિધિ કરવી પડશે અને એક માણસની બલિ આપવી પડશે તેમ જણાવ્યું હતું. મહિલાએ બલિ આપવા કોઈ માણસ ન હોવાનું કહેતા અઘોરી બાબાએ ચાર તાંત્રિક પાસે વિધિ કરાવવી પડશે અને તેનો ખર્ચ ૯.૨૦ લાખ જણાવ્યો હતો. મહિલાએ પતિની બચતના અને વ્યાજે નાણાં લઈને ફરીથી રામ પ્રતાપને આંગડિયા મારફતે ૯.૨૦ લાખ મોકલી આપ્યા હતા. અઘોરી બાબાએ જણાવ્યું કે તે તેની બહેન ગુરુમાતા વિજેન્દ્રાદેવી સાથે અત્યારે કબ્રસ્તાનમાં છે અને કાળા નાગને માટલીમાં મૂકીને વિધિ કરવા જાય છે. જ્યાં તારા પતિ અને દીકરાની આત્માને બોલાવવી પડશે. આ વિધિના ૩.૧૫ લાખ નહીં આપે તો તારો વિનાશ થઈ જશે તેવી ધમકી આપી હતી. મહિલાએ તુરંત જ ૩.૧૫ લાખ નાસિક ખાતે આંગડિયા મારફતે મોકલી આપ્યા હતા. આમ, કુલ ૧૪.૧૮ લાખ આપવા છતાંય મહિલાનું કામ ન થતાં તેણે તેના ભાઈને આ બાબતે વાત કરી હતી.

### અત્યાર સુધી ૧૫ જેટલા લોકોના નિવેદન લેવાયા

# જામનગરમાં જીએસટી વિભાગની સતત ચોથા દિવસે પણ કાર્યવાહી યથાવત

। (એજન્સી) જામનગર, તા.૭ ।

જામનગરમાં જીએસટી વિભાગની સતત ચોથા દિવસે પણ કાર્યવાહી યથાવત રહી હતી. જીએસટીની રાજ્યની વિવિધ ટીમો દ્વારા શહેરની વિવિધ ૨૦ પેઢીઓમાં કાર્યવાહી ચાલુ છે.રજાના દિવસે પણ આ કાર્યવાહી મોડી રાત્રે સુધી ચાલી હતી.અત્યાર સુધીમાં લગભગ ૧૫ જેટલા લોકોના નિવેદન લેવામાં આવ્યા છે.આ કેસના મુખ્ય માસ્ટર માઈન્ડ ગણાતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અલ્કેશ પેઢડીયા જીએસટીની ટીમ સમક્ષ હજુ સુધી હાજર થયા નથી. સૂત્રો અનુસાર, અલ્કેશ પેઢડીયા દ્વારા અનેક બેનામી હિસાબો ચાલી રહ્યા હતા અને લોકોના વિશ્વાસનો દુરુપયોગ કરી તેમના નામે કરોડોના બેનામી હિસાબો બનાવાયા હતા. જીએસટી વિભાગ દ્વારા આ બાબતે ચકાસણીની દિશામાં ચોથા દિવસે પણ તીવ્ર ગતિએ કાર્યવાહી ચાલુ રાખવામાં આવી છે.જો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અલ્કેશ પેઢડીયા આગામી સમયમાં જીએસટીની ટીમ સમક્ષ હાજર નહીં થાય તો તેમની સામે કાયદાકીય પગલાં લેવાય તેવી પૂરી શક્યતા છે. હજુ પણ અનુમાન છે કે આ કાર્યવાહી વધુ બે દિવસ સુધી ચાલુ રહી શકે છે. જામનગરમાં ચાલી રહેલી આ જીએસટી કાર્યવાહી છેલ્લા ઘણા વર્ષોમાંની સૌથી મોટી કાર્યવાહી તરીકે ગણાવવામાં આવી રહી છે, જેમાં સાત ટીમો ચાર દિવસથી સતત ધામા ધમ ધમકારા વચ્ચે કામગીરી અંજામી રહી છે. તાજેતરમાં જ જામનગરમાં અમદાવાદ GSTની ટીમ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. એક સાથે ૨૫ પેઢીઓમાં GSTના દરોડા પડ્યા હતાં. હજુ પણ અનુમાન છે કે આ કાર્યવાહી વધુ બે દિવસ સુધી ચાલુ રહી શકે છે. જામનગરમાં ચાલી રહેલી આ જીએસટી કાર્યવાહી છેલ્લા ઘણા વર્ષોમાંની સૌથી મોટી કાર્યવાહી તરીકે ગણાવવામાં આવી રહી છે, જેમાં સાત ટીમો ચાર દિવસથી સતત ધામા ધમ ધમકારા વચ્ચે કામગીરી અંજામી રહી છે. તાજેતરમાં જ જામનગરમાં અમદાવાદ GSTની ટીમ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. એક સાથે ૨૫ પેઢીઓમાં GSTના દરોડા પડ્યા હતાં.

### બરોડા ડેરીમાં નોકરીની લાલચ આપી અનેક યુવકોને ઠગ્યા હતા

## બે કરોડથી વધુના છેતરપિંડી કેસમાં આરોપીની આગોતરા જામીન અરજી રદ

। (એજન્સી) વડોદરા, તા.૭ ।

બરોડા ડેરીમાં નોકરી અપાવવાનું જણાવી અનેક યુવકો પાસેથી રૂા.૨ કરોડથી વધુ રકમ મેળવી તેમને બનાવટી જોઈનિંગ લેટર આપી અંદાજે બે કરોડથી વધુની છેતરપિંડી કરવાના બનાવમાં સંડોવાયેલા એક આરોપીએ જામીન અરજી મૂકતા ન્યાયાધીશે અરજદારની અરજી નામંજૂર કરી હતી. કેસની વિગત એવી છે કે, દુષ્યંત શિરવે અને પ્રિતેશ પટેલ સામે માંજલપુર પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી તેમજ વિશ્વાસઘાતનો ગુનો નોંધાયો હતો. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે બન્ને આરોપીઓએ વિવિધ યુવકોને બરોડા ડેરીમાં નોકરીની લાલચ આપી લાખોની રકમ મેળવી હતી અને ત્યાર બાદ બન્ને આરોપીઓએ યુવકોને બનાવટી જોઈનિંગ લેટર પણ આપ્યા હતા. આરોપીઓએ બનાવટી લેટર પેડ તૈયાર કર્યા હતા અને તેમાં બરોડા ડેરીના ડિરેક્ટરની બોગસ સહી કરી હતી.આ કૌભાંડ સપાટી પર આવતા બરોડા ડેરીએ ખાતાકીય તપાસ શરુ કરતા તેની તપાસમાં ચાર યુવકોએ, તેમણે આરોપીઓને રૂા.૧૪ લાખથી લઈને રૂા.૧૬ લાખ ચૂકવ્યા હોવાનું જણાવ્યું હતું. તપાસમાં ૧૫ થી ૧૬ લોકો છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનું અને છેતરપિંડીનો આંક બે કરોડથી વધુ હોવાનું જણાતા પોલીસે આરોપીની શોધખોળ શરુ કરી હતી. દરમિયાનમાં આરોપી દુષ્યંત રવીન્દ્રભાઈ શિરવીએ પોલીસ ધરપકડ ટાળવા માટે આગોતરા જામીન અરજી મૂકતા ન્યાયાધીશે અરજદારની અરજી નામંજૂર કરી હતી.

## ભરૂચમાં ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશના ચાર નાગરિકો ઝડપાયા

। (એજન્સી) ભરૂચ, તા.૭ ।

ભરૂચ જિલ્લામાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા ૪ બાંગ્લાદેશી નાગરીકોને લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ભરૂચ જિલ્લામાં ગેરકાયદેસર વસવાટ કરતા બાંગ્લાદેશી નાગરીકો શોધી કાઢવા લોકલ ક્રાઈમ બ્રાન્ચની અલગ-અલગ ટીમો બનાવી કામગીરી હાથ ધરાઈ હતી. દરમ્યાન બાતમી આધારે અલગ અલગ જગ્યાએથી કુલ ચાર શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરીકોને પકડી પાડી તેઓની સઘન પુછપરછ કરી તેઓના ડોક્યુમેન્ટ ચકાસણી કરતા તેઓ બાંગ્લાદેશી નાગરીક હોવાનું બહાર આવ્યું હતું. જેથી ચારેય બાંગ્લાદેશી નાગરીકોની અટકાયત કરી અંકલેશ્વર બી ડિવિઝન તથા અંકલેશ્વર જીઆઈડીસી પોલીસને સોંપ્યા હતા. ઝડપાયેલ બાંગ્લાદેશી નાગરીકો- (૧) મુન્ની ઝાકીર શેખ (હાલ રહે, મહેન્દ્રનગર, ગડખોલ તા-અંક્લેશ્વર ) (૨) રૂકૈયા પુરકાન રશીદ શેખ (હાલ રહે, રોયલ બીલ્ડીંગ, સારંગપુર, તા-અંક્લેશ્વર ) (૩) પરવીન ઓહાલ અબ્દુલસતર શેખ (હાલ રહે, રોયલ બીલ્ડીંગ, સારંગપુર, તા-અંક્લેશ્વર ) (૪) રૂના મોહોર શેખ (મુળ રહે, બાંગ્લાદેશ)

### પેસેન્જર હવે ઓટો રીક્ષામાં જવા લાગ્યા

# સુરતમાં BRTS બસમાં સવારી કરનારા પેસેન્જરમાં છેલ્લા ૧ વર્ષમાં મોટો ઘટાડો નોંધાયો

। (એજન્સી) સુરત, તા.૭ ।

સુરત મહાનગરપાલિકા સંચાલિત સીટી અને BRTS બસના પેસેન્જરમાં છેલ્લા એક વર્ષમાં ૫૦,૦૦૦ જેટલા પેસેન્જરનો ઘટાડો નોંધાયો છે. તેના પાછળનું મુખ્ય કારણ શહેરમાં મેટ્રોની કામગીરી, બ્રિજની કામગીરી, રસ્તાઓ ઉપર ખાડાઓના કારણે તથા છેલ્લા ૧ વર્ષમાં નવા ટ્રાફિક સિગ્નનલના કારણે પણ ભારે ટ્રાફિકની સમસ્યાઓ વધી છે. જેની સીધી અસર પાલિકા સંચાલિત સીટી અને BRTS બસો ઉપર થઈ રહી છે. જેને કારણે બસ રાબેતા મુજબ કરતા ૩૦થી ૪૦ મિનિટ મોડી થઈ રહી છે, જેથી બસમાં પેસેન્જરો ઘટ્યા હોવાની વાત સામે આવી છે. સુરત મહાનગરપાલિકા સંચાલિત સીટી અને BRTS બસના છેલ્લા એક વર્ષમાં ૫૦,૦૦૦ જેટલા પેસેન્જરમાં ઘટાડો નોંધાયો છે. ત્યારે આ બાબતે સુરત મહાનગર પાલિકાના પરિવહન સમિતિ ચેરમેન સોમનાથ મરાઠે જણાવ્યું કે સુરત શહેરમાં આજની તારીખમાં બધે જ ટ્રાફિક જામની સમસ્યા ખૂબ જ જોવા મળી રહી છે. જેને કારણે અમારી રાબેતા મુજબ ચાલતી સીટી અને BRTS બસો ૩૦થી ૪૦ મિનિટ મોડી થઈ રહી છે અને બસમાં પેસેન્જરો ઘટી રહ્યા છે. તેના પાછળનું કારણ જોવા જઈએ તો શહેરમાં મેટ્રોની કામગીરી, બ્રિજની કામગીરી, રસ્તાઓ ઉપર ખાડાઓના કારણે તથા છેલ્લા એક વર્ષમાં નવા ટ્રાફિક સિગ્નનલના કારણે પણ ભારે ટ્રાફિકની સમસ્યાઓ વધી છે.તેના કારણે કેટલાક બસોના રૂટ પણ બદલવામાં આવ્યા છે. કેટલીક બસો સીધે સીધી પોતાના ગંતવ્ય સ્થાન ઉપર પહોંચતી હતી, પરંતુ હવે તે બસો અન્ય સ્થાનો ઉપરથી પોતાના ગંતવ્ય સ્થાન ઉપર પહોંચી રહી છે, જેથી પહેલાના રૂટમાં જે સ્ટોપેજ હતી, ત્યાં કેટલાક પેસેન્જર ઉતરી જતા હતા, તે પેસેન્જર હવે ઓટો રીક્ષામાં જવા લાગ્યા છે. આવા શહેરમાં કુલ ૨૨ સ્થળો છે, જ્યાં તમે આવી તમામ પ્રકારની સમસ્યાઓ સર્જાઈ રહી છે. કેટલાક પેસેન્જરને વહેલા પહોંચવાનું હોય પરંતુ ટ્રાફિકના કારણે પહોંચી શકતો નથી અંતે તે પેસેન્જર બસની જગ્યાએ ઓટોરિક્ષામાં જઈ રહ્યો છે.

